RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

● સ્થાપક તંત્રી :- હસુભાઈ ઠાકર ● તંત્રી :- ડો. ઇલેવાન ઠાકર ● Year - 20 ● Issue - 39 ● 07-07-2026 - TUESDAY ● Price : 0.90/- (Paisa) , annual : 280/- ● Page : 4+4

કાર્યાલય :- ૪૦૩, ચોથે માળ, અખબારભવન સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજ.) ● અમદાવાદ કાર્યાલય :- ૫ અવની હાઉસ બીજો માળ, મીઠાખળી રેલ્વે ક્રોસિંગ પાસે, મીઠાખળી ગામ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● e-mail : kisanrajdaily@yahoo.com, Mo. 99784 07016 , 93288 95485



વાંચો અંદરના પેજ પર




ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણના કોમર્શિયલ કોમ્પ્લેક્સના મેનેજરો સાથે સમીક્ષા બેઠક યોજાઈ


વાંચો અંદરના પેજ પર




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ-ગાંધીનગર કોરીડોરના સર્વાંગી વિકાસમાં નવી ગતિ

## નેશનલ-ઈન્ટરનેશનલ

## PoKમાં પ્રદર્શનકારીઓ પર PAKની સૈન્યએ કર્યું ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા) ઈસ્લામાબાદ, તા.૬

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પર પાકિસ્તાની સેના દ્વારા જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC)ની શાંતિપૂર્ણ પ્રદર્શન રેલી પર અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. JAACએ એવો પણ દાવો કર્યો છે કે, આ પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૪૦ હજાર લોકો હાજર હતા.

જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટીએ જણાવ્યું કે, અબ્બાસપુરના સરદાર ગુલામ હુસૈન ખાન સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં લગભગ ૪૦ હજાર લોકો ઉપસ્થિત હતા અને તેઓ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન પાકિસ્તાની સેનાએ લોકો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

JAACએ આરોપ લગાવ્યો કે, દુડિયાલના એએમબી (AMB) વિસ્તારમાં શાંતિપૂર્ણ પ્રદર્શન ચાલી રહ્યું હતું. આ દરમિયાન પાકિસ્તાની સુરક્ષા દળોએ કોઈપણ નક્કર કારણ વિના જ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જેમાં અનેક લોકો ઘાયલ થયા છે. જો કે, ઘાયલોની વાસ્તવિક સંખ્યા હજી સામે આવી નથી. બીજી તરફ આ ઘટના અંગે પાકિસ્તાની વહીવટીતંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. JAACએ એક નિવેદનમાં જણાવ્યું કે, આ પ્રદર્શન પાકિસ્તાન સરકાર વિરુદ્ધ છે. JAACના નેતાઓ અને કાર્યકરોની ધરપકડ, વહીવટી નિષ્ફળતાઓ અને મૂળભૂત અધિકારોની માંગને લઈને આ પ્રદર્શન ચાલી રહ્યું છે. ત્નછછઝ તરફથી ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરવામાં આવી રહી છે.

PoKમાં ચાલી રહેલા આ પ્રદર્શનમાં ભારે સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી છે. સૌથી ખાસ વાત એ છે કે, આ પ્રદર્શનમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની પણ સારી એવી ભીડ જોવા મળી રહી છે. વિરોધ કરી રહેલા સંગઠનનો દાવો છે કે, રાવલકોટ અને ચકની મહિલાઓ પણ રસ્તા પર ઉતરીને આંદોલન કરી રહી છે. સંગઠને દાવો કર્યો કે, વહીવટીતંત્રના દબાણ છતાં કોઈ પાછળ હટવા તૈયાર નથી.

એક નિવેદનમાં JAAC તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, શૌકત નવાઝ મીરની ધરપકડ બાદ સમગ્ર PoJK (પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીર)માં તણાવ વધ્યો છે. સંગઠને સોશિયલ મીડિયા પર 'રીલીઝ શૌકત મીર' અભિયાન ચલાવ્યું છે, જે અંતર્ગત લોકોને આ આંદોલનમાં જોડાવાની અપીલ કરવામાં આવી છે.

JAAC દ્વારા લોકોને સફેદ ઝંડા સાથે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવા તેમજ શિસ્ત જાળવી રાખવાની અપીલ કરવામાં આવી છે. સંગઠનનું કહેવું છે કે, અમે દુનિયાને એ સંદેશ આપવા માંગીએ છીએ કે આ પ્રદર્શન માત્ર મૂળભૂત અધિકારોની માંગ માટે નથી.

## મુંબઈથી ૧૩ ફ્લાઈટને સુરત ડાયવર્ટ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૬

મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે ટ્રેન અને હવાઈ સેવાને અસર થઈ હતી. મહારાષ્ટ્રના પાલઘર રેલવે સ્ટેશન પર ટ્રેક પર પાણી ભરાયા હતા. રેલવે ટ્રેક પર પાણી ભરાતા અમદાવાદ- મુંબઈ રેલ વ્યવહારને અસર થઈ હતી. બે કલાકથી વાપીથી મુંબઈ વચ્ચેનો ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો. અનેક ટ્રેન નિર્ધારીત સમયથી મોડી દોડી રહી છે. ટ્રેક પરથી પાણી ઓસર્યા બાદ રેલ વ્યવહાર ફરીથી ચાલુ થશે. ટ્રેન વ્યવહાર ખોરવાતા અનેક મુસાફરો રઝળ્યા હતા. વાપી રેલવે સ્ટેશન પર યોગ્ય વ્યવસ્થાનો અભાવ જોવા મળ્યો હતો.

મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ભારે વરસાદના કારણે મુંબઈ અને ગુજરાતને જોડતા રેલવે તેમજ હવાઈ વ્યવહાર પર ખૂબ જ માઠી અસર પડી છે. મહારાષ્ટ્રના પાલઘર રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાના કારણે અમદાવાદ-મુંબઈ વચ્ચેનો ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો છે. વાપીથી મુંબઈ વચ્ચે છેલ્લા બે કલાકથી ટ્રેનો અટવાઈ પડી છે અને અનેક ટ્રેનો પોતાના નિર્ધારીત સમય કરતાં કલાકો મોડી દોડી રહી છે. રેલવે ટ્રેક પાણીમાં ગરકાવ થઈ જતાં પશ્ચિમ રેલવે દ્વારા તકેદારીના ભાગરૂપે અનેક ટ્રેનોને વલસાડ, વાપી અને નવસારી સ્ટેશનથી જ પરત (શોર્ટ ટર્મિનેટ) મોકલી દેવામાં આવી છે. રેલવે મુસાફરોની વહારે આવતા વલસાડ એસ.ટી. ડિવિઝન દ્વારા તાત્કાલિક મુંબઈ જવા માટે વિશેષ બસો દોડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી ફસાયેલા મુસાફરો પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકે.

આ સાથે જ મુસાફરોની પૂછપરછ અને સહાય માટે વલસાડ રેલવે સ્ટેશન પર હેલ્પલાઈન પણ શરૂ કરી દેવામાં આવી છે. બીજી તરફ, દક્ષિણ ભારત અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ક્યાંક ભારે વરસાદ તો ક્યાંક ભૂસ્ખલનની ઘટનાઓને કારણે રેલવે તંત્ર દ્વારા અનેક લાંબા અંતરની ટ્રેનોના રૂટમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદ-ચેન્નઈ ટ્રેનને હવે સુરત-જલગાંવ-મનમાડ-દૌંડ થઈને દોડાવવામાં આવશે. જ્યારે પૂણે-ભુજ ટ્રેન હવે દૌંડ-મનમાડ-જલગાંવ-સુરત થઈને દોડશે અને પૂણે-અમદાવાદ દુરંતો એક્સપ્રેસને દૌંડ-મનમાડ-જલગાંવ-કલ્યાણ થઈને ડાયવર્ટ કરવામાં આવી છે. રેલવે વિભાગે તમામ યાત્રિકોને મુસાફરીએ નીકળતા પહેલા પોતાની ટ્રેનનું વર્તમાન સ્ટેટસ ચેક કરી લેવા ખાસ અપીલ કરી છે.

માત્ર રેલવે જ નહીં પરંતુ મુંબઈમાં પડી રહેલા અવિરત વરસાદના કારણે હવાઈ સેવાને પણ અસર થઈ છે.

### એરપોર્ટ પર રિસિવ કરવા પહોંચ્યા રાષ્ટ્રપતિ પ્રબોવો

# ઇન્ડોનેશિયા પહોંચ્યા PM મોદી, ફાઇટર જેટ્સે આકાશમાં કર્યું ગ્રાન્ડ વેલકમ







### બંને દેશના નેતાઓ દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) જાકાર્તા, તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા પહોંચ્યા છે. રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો પોતે એરપોર્ટ પર પહોંચીને તેમનું સ્વાગત કર્યું હતું. સ મોદીનું વિમાન જ્યારે ભારતીય હવાઈ ક્ષેત્રમાંથી ઈન્ડોનેશિયાના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, ત્યારે ઈન્ડોનેશિયાની વાયુસેનાના ફાઈટર જેટ્સે તેને એસ્કોર્ટ કર્યું હતું. આ ભવ્ય સ્વાગત બંને દેશો વચ્ચેની ગાઢ મિત્રતા અને વધતા વ્યૂહાત્મક મહત્વને દર્શાવે છે.

રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને પ્રધાનમંત્રી મોદી વચ્ચે વ્યક્તિગત સ્તરે પણ સારા સંબંધો છે. પ્રબોવો રાષ્ટ્રપતિ બન્યા બાદ મોદીની આ પ્રથમ મહત્વપૂર્ણ મુલાકાત છે. એરપોર્ટ પર ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર અને પરંપરાગત સ્વાગત સમારોહ યોજાયો હતો. બંને નેતાઓ ટૂંક સમયમાં દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

ઈન્ડોનેશિયા દક્ષિણ-પૂર્વ એશિયાનો સૌથી મોટો દેશ છે. વસ્તી, અર્થવ્યવસ્થા અને ભૌગોલિક સ્થિતિની દૃષ્ટિએ તેનું વિશેષ મહત્વ છે. ભારત અને ઈન્ડોનેશિયા બંને હિન્દ-પ્રશાંત ક્ષેત્રની મુખ્ય શક્તિઓ છે. બંને દેશ સમુદ્રી સુરક્ષા, ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક અને બહુપક્ષીય સહયોગ માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. ચીનની વધતી ગતિવિધિઓ વચ્ચે આ ભાગીદારી વધુ મહત્વપૂર્ણ બની છે.

વડાપ્રધાન મોદીના વિમાનને ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરવું માત્ર ઔપચારિકતા નથી, પરંતુ સંરક્ષણ સહયોગનું પ્રતીક પણ છે. બંને દેશો પહેલાથી જ સંયુક્ત સૈન્ય અભ્યાસ કરે છે. ઈન્ડોનેશિયા ભારતીય હથિયારો અને ટેક્નોલોજીમાં રસ ધરાવે છે. બ્રહ્મોસ મિસાઈલ, તેજસ વિમાન અને અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધવાની સંભાવના છે. આ મુલાકાત સંરક્ષણ ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તક આપશે. બંને દેશો વચ્ચેનો વેપાર સતત વધી રહ્યો છે. ઈન્ડોનેશિયા પામ ઓઈલ, કોલસો, નિકલ અને અન્ય ખનિજોની મોટી નિકાસ કરતો દેશ છે. ભારત આ સંસાધનોનો મોટો આયાતકાર છે. આ ઉપરાંત IT, ફાર્મા, કૃષિ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રોમાં પણ સહયોગની વિશાળ તકો છે. આ મુલાકાત દરમિયાન વેપારને પ્રોત્સાહન આપતા નવા કરારો અંગે ચર્ચા થઈ શકે છે. બંને દેશો $100 અબજના વેપારના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છે.

ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધો હજારો વર્ષ જૂના છે. રામાયણ-મહાભારતની કથાઓ, બૌદ્ધ-હિન્દુ મંદિરો અને સાંસ્કૃતિક વારસો બંને દેશોને જોડે છે. આજે પણ ઈન્ડોનેશિયામાં લાખો લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે, ખાસ કરીને બાલીમાં. આ મુલાકાત દરમિયાન સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને લોકો વચ્ચેના સંપર્કને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂકવામાં આવશે.

હાલના સમયમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં તણાવ વધી રહ્યો છે. ચીનની વિસ્તરણવાદી નીતિઓને કારણે ભારત, ઈન્ડોનેશિયા, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો એકબીજાની વધુ નજીક આવી રહ્યા છે. બંને દેશ ASEAN, Quad અને અન્ય આંતરરાષ્ટ્રીય મંચો પર પણ પરસ્પર સંકલન જાળવી રહ્યા છે. આ મુલાકાત પ્રાદેશિક સ્થિરતા, સમુદ્રી સુરક્ષા અને સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવાની તક આપશે.

આ મુલાકાત PM મોદીના મહત્વપૂર્ણ વિદેશ પ્રવાસોની કેટેગરીનો એક ભાગ છે. ભારત વૈશ્વિક દક્ષિણના નેતા તરીકે ઉભરી રહ્યું છે અને પડોશી તેમજ હિન્દ-પ્રશાંત ક્ષેત્રના દેશો સાથેના સંબંધોને મજબૂત બનાવી રહ્યું છે. પ્રબોવો સરકાર પણ ભારતને મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે જુએ છે. બંને નેતાઓ જળવાયુ પરિવર્તન, ઊર્જા સુરક્ષા અને બહુપક્ષીય સુધારા જેવા વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

આ મુલાકાતથી એવી અપેક્ષા છે કે ભારત-ઈન્ડોનેશિયા સંબંધો નવી ઊંચાઈએ પહોંચશે. સંરક્ષણ, વેપાર, ટેક્નોલોજી અને સાંસ્કૃતિક સહયોગમાં નોંધપાત્ર પ્રગતિ થશે. બંને દેશો મળીને પ્રાદેશિક પડકારોનો સામનો કરશે અને શાંતિપૂર્ણ હિન્દ-પ્રશાંત ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. જકાર્તામાં PM મોદીનું થયેલું ભવ્ય સ્વાગત ભારત-ઈન્ડોનેશિયા મિત્રતાનું સુંદર ઉદાહરણ છે. ફાઈટર જેટ્સ દ્વારા અપાયેલું એસ્કોર્ટ અને રાષ્ટ્રપતિ દ્વારા વ્યક્તિગત સ્વાગત બંને દેશો વચ્ચેના ગાઢ વિશ્વાસને દર્શાવે છે. આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધોને જ મજબૂત નહીં બનાવે, પરંતુ સમગ્ર હિન્દ-પ્રશાંત ક્ષેત્રની સ્થિરતામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે.

### ઈઝરાયલમાં જંગલરાજના ભણકારા

# નેતન્યાહૂએ સુપ્રીમ કોર્ટનો ઓર્ડર જ માનવાનો ઈનકાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) જેરૂસલેમ, તા.૬



ઈઝરાયલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સરકાર અને સુપ્રીમ કોર્ટ વચ્ચેનો વિવાદ હવે એક મોટી બંધારણીય કટોકટીમાં ફેરવાઈ ગયો છે. રવિવારે ઈઝરાયલી કેબિનેટે સર્વસંમતિથી એક અભૂતપૂર્વ નિર્ણય લીધો છે, જે મુજબ સરકાર સુપ્રીમ કોર્ટના આદેશને સ્વીકારશે નહીં. સુપ્રીમ કોર્ટે દેશના કોમર્શિયલ મીડિયા રેગ્યુલેટર 'સેકન્ડ ઓથોરિટી ફોર ટેલિવિઝન એન્ડ રેડિયો' ને પોતાનું કામ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, જેની સામે સરકારે હવે ખુલ્લી ચેલેન્જ ફેંકી છે. ઈઝરાયલના ઈતિહાસમાં આ પ્રથમ એવો કિસ્સો છે જ્યારે કોઈ સરકારે દેશની સર્વોચ્ચ અદાલતના આદેશને સત્તાવાર રીતે ફગાવી દીધો હોય.આ વિવાદની શરૂઆત ગયા મહિને થઈ હતી જ્યારે સુપ્રીમ કોર્ટે સરકારના એ નિર્ણયો પર રોક લગાવી દીધી હતી, જેના હેઠળ મીડિયા રેગ્યુલેટરની નવી કાઉન્સિલ (પરિષદ) બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અદાલતે આદેશ આપ્યો હતો કે હાલની કાઉન્સિલ જ પોતાનું કામ ચાલુ રાખે. અદાલતનું માનવું હતું કે કાઉન્સિલના કેટલાક સભ્યોના રાજીનામા રાજકીય દબાણ હેઠળ આપવામાં આવ્યા હોઈ શકે છે.જોકે, નેતન્યાહૂ સરકારે અદાલતના આ વલણને નકારી કાઢ્યું છે. સંચાર મંત્રી શ્લોમો કારહી અને ન્યાય મંત્રી યારિવ લેવિને એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, અદાલતને કાયદાને કચડવાનો કોઈ અધિકાર નથી. જે નિર્ણય કાયદાની વિરુદ્ધ હશે, તેને સરકાર માન્યતા નહીં આપે. કેબિનેટે સ્પષ્ટ કર્યું છે કે આ મીડિયા રેગ્યુલેટર કાઉન્સિલ દ્વારા ભવિષ્યમાં લેવાનારા કોઈપણ નિર્ણયને સરકાર સ્વીકારશે નહીં, કારણ કે કાઉન્સિલ પાસે કાયદાકીય રીતે જરૂરી સભ્યોની સંખ્યા નથી.સરકારના આ આકરા પગલાનો વિપક્ષ અને કાનૂની નિષ્ણાતો દ્વારા ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ડેપ્યુટી એટર્ની જનરલ ગિલ લિમોને ચેતવણી આપી છે કે જો સરકાર પોતાની મરજી મુજબ જ અદાલતના આદેશો માનવાનું નક્કી કરશે, તો આ કાયદાના શાસનને નબળું પાડવાની શરૂઆત હશે. પૂર્વ વડાપ્રધાન નફતાલી બેનેટે આ સ્થિતિને 'જંગલ રાજ'ની આહટ ગણાવતા કહ્યું કે, અદાલતના આદેશનો અનાદાર દેશમાં અરાજકતા ફેલાવશે અને ઈઝરાયલની લોકશાહી વ્યવસ્થાને તોડી પાડશે.બીજી તરફ, ડેમોક્રેટ્સ પાર્ટીના નેતા યાયર ગોલાને ગંભીર આક્ષેપ કર્યો છે કે નેતન્યાહૂ સરકાર ચૂંટણી પહેલા ન્યાયતંત્રને નબળું કરવા માંગે છે, જેથી ભવિષ્યમાં જો ચૂંટણી પરિણામો તેમની વિરુદ્ધ આવે તો તેને પણ પડકારી શકાય. પત્રકાર સંગઠનો અને લોકશાહી સમર્થક જૂથોનું પણ કહેવું છે કે આ માત્ર એક મીડિયા રેગ્યુલેટરનો વિવાદ નથી, પરંતુ ઈઝરાયલમાં પ્રેસની આઝાદી, કાયદાના શાસન અને એકંદર લોકશાહી પર સીધો હુમલો છે.

## યુરિયા-ડીએપીથી ભરચક ૧૫ જેટલાં જહાજો ભારત આવવા રવાના થયા

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૬

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે તણાવ અને ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ હોવા છતાં ભારત માટે એક મોટી રાહતના સમાચાર આવ્યા છે. ખાતર અને કાચો માલ લઈને આવી રહેલા ૧૫ ભારતીય જહાજો સૌથી સંવેદનશીલ ગણાતી 'હોર્મુઝની ખાડી સુરક્ષિત રીતે પાર કરીને ભારત તરફ આગળ વધી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડેલી ગંભીર અસરો વચ્ચે ભારત માટે ખૂબ જ રાહતના સમાચાર આવ્યા છે. કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું છે કે, દેશમાં ખાતર અને તેનો કાચો માલ લઈને આવી રહેલા ૧૫ દરિયાઈ જહાજો અત્યંત સંવેદનશીલ ગણાતી હોર્મુઝની ખાડી સુરક્ષિત રીતે પાર કરી ચૂક્યા છે અને ભારત તરફ આગળ વધી રહ્યા છે. સરકારના આ સઘન પ્રયાસોને કારણે દેશમાં ખેડૂતો માટે ખાતરની અછતનો મોટો ખતરો ટળી ગયો છે.કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે, ''પશ્ચિમ એશિયાના સંઘર્ષે વૈશ્વિક સપ્લાય ચેઈનને ખરાબ રીતે પ્રભાવિત કરી છે. આ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના ભાવ વધ્યા છે અને શિપમેન્ટ પહોંચવાના સમયમાં પણ વિલંબ થઈ રહ્યો છે.''

તેમણે ઉમેર્યું કે, આ મુશ્કેલ સમયમાં વિદેશોમાં આવેલા ભારતીય મિશનો (દૂતાવાસો) એ ખાતર વિભાગને વૈશ્વિક ઉત્પાદકો અને સપ્લાયર્સ સાથે સીધો સંપર્ક સાધવામાં સક્રિય મદદ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ખેડૂતોના હિતોની રક્ષા કરવા માટે કટિબદ્ધ છે.સરકાર માટે વધુ એક રાહતના સમાચાર એ છે કે, ખાતરના કારખાનાઓને અપાતો નેચરલ ગેસનો સપ્લાય, જે થોડા સમય પહેલાં ઘટીને ૬૫% સુધી પહોંચી ગયો હતો, તે હવે ફરીથી ૧૦૦% પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો છે. જેના કારણે સ્થાનિક સ્તરે ખાતરનું ઉત્પાદન પણ વેગ પકડશે.

## દ.ફ્રાન્સમાં હીટવેવ અને તીવ્ર હવાઓ વચ્ચે જંગલની આગ ફરી વળી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૬

ગુરુવારે દક્ષિણ ફ્રાન્સમાં જંગલની આગ ફેલાઈ ગઈ જેમાં લગભગ ૧,૨૧૦ હેક્ટર જમીન બળીને ખાક થઈ ગઈ. તીવ્ર હવા અને અતિશય સૂકા મોસમને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ. અનેક સ્થળે લાગેલી આગ બુઝાવવા માટે અસંખ્ય ફાયરફાયટર, પાણી છાંટવાના વિમાન અને ઈમરજન્સી વાહનો તૈનાત કરવામાં આવ્યા. સૌથી મોટી આગ સ્પેનની સીમા નજીક ઓડે વિસ્તારમાં લાગી. આટલી વિનાશક આગ છતાં કોઈ જાનહાનિ ન થઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું.ઓડેમાં લાગેલી સૌથી ભીષણ આગે લગભગ ૯૦૦ હેક્ટર જમીનને પોતાની ઝપેટમાં લઈ લીધી જેના કારણે લગભગ ૮૦૦ ફાયરફાયટર અને દોઢસો વાહનો તૈનાત કરવા પડયા. તેજ હવાને કારણે આગ બુઝાવવામાં મુશ્કેલી સર્જાી હતી, પરિણામે અધિકારીઓએ બે વધુ કેનાડેયર વોટર બોમ્બર વિમાનોની મદદ લેવી પડી. અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું કે તાપમાન વધવાથી તેમજ તેજ હવાને કારણે સ્થિતિ વધુ વણસી હતી.ઉપરાંત ફાયરફાયટરોએ માર્સિલે પાસે લાગેલી અનેક અન્ય આગ પર પણ કાબૂ મેળવવાના પ્રયાસ કર્યા. બે સ્થળે લાગેલી આગ પર કાબૂ તો મેળવી લેવાયો પણ આગ હજી સુધી સળગી રહી હતી જ્યારે લૈંકોન-પ્રોવેસ પાસે લાગેલી એક વધુ આગે લગભગ ૨૬૦ હેક્ટર જમીન બાળી નાખી.

### તંત્રીની કલમે

## જગતનું મોટામાં મોટું યુદ્ધ મનનું છે

ત્રીજા વિશ્વ યુદ્ધની આગાહી થઇ ચુકી છે ક્યારે શું થશે તે કોઈ કહી શકે તેમ નથી ,જો યુદ્ધ થશે તો એટલું ભયાનક હશે કે જેની કોઈ કલ્પનાજ કરી શકશો નહી, કારણકે દુનિયાના બધા જ દેશોએ એટલા બધા હથિયારો સજાવી રાખ્યા છે, કે આવી સુદર દુનિયા હતી ન હતી થઈ જવાની છે. તેમાં કોઈ શંકા નથી,જગતમાં અનેક યુધ્ધો થઈ ચુક્યા છે, પણ તેનાથી કોઈ પ્રશ્નો કદી પણ પત્યા જ નથી., પ્રશ્નો ત્યાના ત્યાજ રહ્યા છે, તે સોનો અનુભવ છે, તેમ છતાં સબક શીખવામાં આવતો નથી, માનવ માત્ર એક જ પિતાના પુત્રો છે ,છતાં વિશાળતાંથી વિચારી શકતો નથી અને અહંકારમાં જ જીવે છે અને યુધ્ધો કરે છે, યુદ્ધથી ખુવારી અને અંતે બન્ને પક્ષોને પસ્તાવા સિવાય કાઈ હાથમાં આવતું પણ નથી, કલાપી એ કહ્યું છે, હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે, પાપી તેમાં ડૂબકી દઈ ને પવિત્ર થાય છે ,પણ ત્યારે મોડું થઇ ગયું હોય છે,પસ્તાવા પછી પણ અહંકાર ઓગળતો નથી ત્યાંજ મુશ્કેલી છે, માનસમાં રહેલી યુધ્દ્ધની વૃત્તિનું માનસિક પૃથ્થકરણ કરીએ તો સમજાય છે, કે આ દુનિયા જ્યારથી અસ્તિત્વમાં આવી છે, અને માણસ દુનિયામાં વસવા લાગ્યો છે, ત્યારથી જ માણસનું મન બે જુદી જુદી દિશાઓમાં દોડી રહ્યું છે ક્યારેક તેની સ્વાર્થ ભણી દોટ હોય છે , તો ક્યારેક નિસ્વાર્થ ભણી પણ ,સ્થિર થઇ શકતો જ નથી,શુદ્ધ થઈ શકતો જ નથી કે સત્યવાદી થઇ શક્યો નથી અને અહંકારથી મુક્ત થઇ શકતો નથી ,આમ સત્ય અને અસત્ય, ભલાઈ અને બુરાઈ, પાપ અને પુણ્ય ,ધર્મ અને અધર્મ માટે માણસ લડતો જ આવ્યો છે.લડતો જ રહ્યો છે, માણસ દોડતો માલુમ પડે છે, શું સાથે લઈ જવું છે, તે જ ખબર પડતી નથી ખાલી હાથે આવ્યો છે, ને ખાલી હાથેજ જવાનો છે, છતાં આનંદપૂર્વક જીવતો જ નથી ,જીવતા જ આવડતું નથી માત્ર ને માત્ર જીવનમાં ઉપભોગ ભાવથી નિવૃત થઈ, ઉપયોગ ભાવમાં થઈ ને જ જીવવાની જરૂર છે,આ સિવાય કાંઈજ કરવાની જરૂર નથી પણ આટલું જ માણસ કરી શકતો નથી,જો આટલું જ કરી ને જીવે જાય તો સાચી શાંતિ ને આનદ પ્રાપ્ત થાય તે દીવા જેવી સત્ય હકીકત છે.

ઈલેવાન ઠાકર

### સાત ચોગાવાળી પાઘડી બનશે આકર્ષણનું કેન્દ્ર

# ભગવાન જગન્નાથજીના ગુલાબી વાઘા તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૬

આગામી અષાઢી બીજે (૧૬ જુલાઈ) અમદાવાદમાં નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક રથયાત્રા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષે નગરજનોને દર્શન આપવા જગતના નાથના શણગાર અને વાઘા સંપૂર્ણ તૈયાર કરી દેવાયા છે. કાળઝાળ ગરમીની ઋતુને ધ્યાનમાં રાખીને ભગવાન માટે વિશેષ લાઈટ બેબી પિંક કલરના વાઘા બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત રત્નો અને ડાયમંડથી જડિત સાત ચોગાવાળી વાંકી પાઘડી આ વખતની રથયાત્રામાં મુખ્ય આકર્ષણ જમાવશે. ભગવાન જગન્નાથજી, મોટાભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીના આ નયનરમ્ય વસ્ત્રોની બનાવટ પાછળ અખાત્રીજથી જ કામગીરી કરવામાં આવી રહી હતી. મહંત દિલીપદાસજી મહારાજના હસ્તે પૂજન કર્યા બાદ વાઘા બનાવવાની શરૂઆત થઈ હતી. આ દિવ્ય શણગાર તૈયાર કરવા માટે કોલકાતા અને બનારસથી ખાસ પ્રકારના સિલ્ક તેમજ મખમલના કાપડના સેમ્પલ મંગાવવામાં આવ્યા હતા. વાઘા તૈયાર કરનાર કલાકાર સુનિલે જણાવ્યા મુજબ, આ વખતે વસ્ત્રોમાં આભલા વર્કની સાથે એટ્રેક્ટિવ રંગબેરંગી બોર્ડરનો ઉપયોગ કરાયો છે. રથયાત્રાના ઉત્સવ દરમિયાન ભગવાન ભક્તોને અલગ અલગ દિવસોમાં વિવિધ સ્વરૂપે દર્શન આપશે. અમાસના દિવસે પ્રભુ રાણી કલરના કાપડ પર બારીક દોરીવર્ક કરેલા સુવર્ણ વેશ અને ખાસ વેલવેટના વાઘામાં દર્શન આપશે. જ્યારે રથયાત્રાના પવિત્ર દિવસે વહેલી સવારે મંગળા આરતી સમયે નાથ લાલ મખમલના શાહી વસ્ત્રો, સોનેરી બક્તર અને માથે કલગીવાળો અત્યંત સુંદર મોતીનો મુગટ ધારણ કરશે. નગરચર્યા પૂર્ણ કર્યા બાદ અષાઢી ત્રીજના રોજ ભગવાન મલ્ટી કલરના પ્યોર સિલ્કના વસ્ત્રો પહેરીને નિજમંદિરમાં પોતાના રત્નજડિત સિંહાસન પર પુનઃ બિરાજમાન થશે.

ભગવાન જગન્નાથજી, બળભદ્રજી અને બહેન સુભદ્રાજીના વાઘા બનાવનારા દરજી સુનિલે જણાવ્યું કે, અખાત્રીજના દિવસથી મહારાજશ્રીના હાથે અમે રથયાત્રાનું મુહૂર્ત અને ભગવાનના વસ્ત્રો માટેનું પૂજન કરતા હોઈએ છીએ. આ માટે અમે બનારસ સિલ્ક, કોલકાતા સિલ્ક, વેલવેટ અને મખમલ જેવા વિવિધ કાપડના સેમ્પલ મંગાવીને અલગ-અલગ ડિઝાઈનો તૈયાર કરીએ છીએ. આ વખતે વસ્ત્રોમાં આભલા વર્ક સાથે રંગબેરંગી બોર્ડર રાખી છે, જેની પાછળની ભાવના એ છે કે ભગવાન ભક્તોને આશીર્વાદ આપે અને દરેકનું જીવન પણ રંગબેરંગી બને. અમાસના દિવસે ભગવાન વેલવેટના વાઘામાં અને ત્યારબાદ રાણી કલરમાં દોરીવર્ક વાળા સુવર્ણ વેશમાં દર્શન આપશે. સવારે મંગળા આરતીમાં ભગવાન સોનેરી બખ્તર, લાલ કલરના વેલવેટના વસ્ત્રો અને કલગીવાળો મોતીનો મુગટ ધારણ કરીને ભક્તોને દર્શન આપશે. પાઘડી અગે સુનિલે જણાવ્યું કે, નગરચર્યા માટે જ્યારે ભગવાન રથમાં બિરાજમાન થશે, ત્યારે તેઓ લાઈટ ગુલાબી રંગના વસ્ત્રો ધારણ કરશે, જેની પાછળનો ભાવ એ છે કે ભગવાન દરેકના જીવનમાં શીતળતા અને ઠંડક અર્પણ કરે. આ વખતની પાઘડીની વિશેષતા એ છે કે ભગવાન માટે સાત ચોગાવાળી વાંકી પાઘડી તૈયાર કરવામાં આવી છે, જેમાં વિવિધ કલર, સ્ટોન અને ડાયમંડનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ પાઘડી ધારણ કરીને જ ભગવાન નગર યાત્રાએ નીકળશે. ત્યારબાદ ત્રીજના દિવસે ભગવાન પ્યોર સિલ્કના મલ્ટી-કલરના વસ્ત્રો ધારણ કરીને સિંહાસન ઉપર બિરાજમાન થશે.

### અહીંનો અદભુત નજારો જોઈને મન મોહી જશે!

# પ્રવાસીઓની ચહલપહલથી જીવંત થયું સાપુતારા હિલ સ્ટેશન

(સંપૂર્ણ સમાચાર સેવા) સાપુતારા, તા.૬

ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી સાથે જ રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં પ્રવાસન સિઝનનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ચારેબાજુ છવાયેલી હરિયાળી, ગાઢ ધુમ્મસની ચાદર અને વરસાદી માહોલની મજા માણવા માટે સમગ્ર રાજ્યમાંથી પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલતા પ્રકૃતિપ્રેમીઓ માટે સાપુતારા હાલ પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે, જેના કારણે લાંબા સમય પછી આ હિલ સ્ટેશન ફરી એકવાર પ્રવાસીઓની ચહલપહલથી જીવંત બની ગયું છે.

ચોમાસાના પ્રારંભ સાથે જ સાપુતારાના ડુંગરોએ લીલીછમ ચાદર ઓઢી લીધી છે. પહાડો વચ્ચેથી પસાર થતું ગાઢ ધુમ્મસ અને સતત વરસતા વરસાદી ઝાપટાં પ્રવાસીઓ માટે અદભુત આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સાપુતારાના હાર્દ સમાન સર્પગંગા તળાવમાં બોટિંગનો આનંદ માણવા માટે સવારથી જ સહેલાણીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે.

પ્રવાસીઓ આ નયનરમ્ય અને યાદગાર ક્ષણોને પોતાના કેમેરા અને મોબાઈલમાં કેદ કરતા નજરે પડી રહ્યા છે. તળાવ ઉપરાંત સાપુતારાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ 'ટેબલ પોઈન્ટ' પર પણ ભારે ભીડ ઉમટી રહી છે. અહીં આવેલા પ્રવાસીઓ, ખાસ કરીને બાળકો અને યુવાનો, ઘોડેસવારી, ઊંટસવારી અને વિવિધ પ્રકારની એડવેન્ચર એક્ટિવિટીઝનો રોમાંચ માણી રહ્યા છે. વીકએન્ડ દરમિયાન શનિ-રવિવારની રજાઓમાં પ્રવાસીઓની સંખ્યા એટલી વધી ગઈ છે કે સાપુતારાની તમામ સરકારી અને ખાનગી હોટલો તેમજ રિસોર્ટ્સ અત્યારથી જ લગભગ હાઉસફુલ થઈ ગયા છે. આ પ્રવાસીઓના અભૂતપૂર્વ ધસારાને કારણે સ્થાનિક અર્થતંત્રને મોટો વેગ મળ્યો છે.

હોટેલ ઉદ્યોગની સાથે-સાથે સ્થાનિક વેપારીઓ, નાના નાના સ્ટ્રીટ વેન્ડરો, ખાણી-પીણીની લારીઓવાળા અને ગાઈડ્સ સહિતના નાના ધંધાર્થીઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના મતે જો આગામી દિવસોમાં પણ વરસાદી વાતાવરણ આવું જ જળવાઈ રહેશે, તો પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે.

અમે લોકો ડાંગ જિલ્લામાં અમદાવાદથી ફરવા આવ્યા છીએ. અમારું આખું ગ્રુપ અહીંયાના સુંદર વાતાવરણ, વરસાદ, લેક અને ટેબલ પોઈન્ટ વ્યૂહને ખૂબ જ એન્જોય કરી રહ્યું છે. જો કોઈ જુલાઈમાં ફરવા જવાનું વિચારી રહ્યાં હોવ તો તમારે અહીં ચોક્કસ આવવું જોઈએ. અહીં આવીને સ્વર્ગ જેવો અનુભવ થશે.

## કેતનના મોતના ૧૭ દિવસ બાદ ઘરમાંથી વધું એક અર્થી ઉઠી

(સંપૂર્ણ સમાચાર સેવા)
પુણે, તા.૬

પુણેના રિયલ એસ્ટેટ કારોબારી કેતન અગ્રવાલના ચિતાની અગ્નિ હજુ ઠંડી પડી નથી ત્યાં તેના પરિવારને વધુ એક ઝટકો લાગ્યો છે. કેતનના દાદાજી દેવીચંદ અગ્રવાલનું કાર્ડિયાક અરેસ્ટને કારણે નિધન થઈ ગયું છે. તેમની ઉંમર ૭૧ વર્ષ હતી. શનિવાર (૪ જુલાઈ) એ રાત્રે ૯.૪૫ કલાકે હાર્ટ એટેકને કારણે તેમું નિધન થયું છે. જાણવા મળી રહ્યું છે કે કેતનના મોત બાદ તેમનું સ્વાસ્થ્ય ઠીક નહોતું.

તો આ પહેલા ૧૮ જૂને પુણેની પાસે લોહાગઢ કિલ્લા પરથી પડી જવાને કારણે કેતનનું મોત થયું હતું. લોનાવાલા ગ્રામીણ પોલીસને શંકા છે કે મુખ્ય આરોપી સિયા ગોયલ જેની સગાઈ કેતન અગ્રવાલની સાથે થઈ હતી, તે હજુ લગ્ન કરવા ઈચ્છતી નહોતી અને કથિત રીતે લગ્ન કરવા માટે પરિવારનું દબાણ હતું.

ગુરૂવાર (૨ જુલાઈ) એ પુણે ગ્રામીણ પોલીસ આરોપી સિયા ગોયલને પુણે શહેરના લુલ્લા નગર વિસ્તારમાં એક ખુલ્લા મેદાનમાં લઈ ગઈ, જ્યાં તેણે અને તેના પ્રેમી ચેતન ચૌધરીએ કથિત રીતે કેતન અગ્રવાલને લોહાગઢ કિલ્લાથી નીચે ધકેલવાની યોજનાનું રિહર્સલ કર્યું હતું. પોલીસે સિયા ગોયલના ઘરેથી તે કપડાં પણ જપ્ત કર્યાં છે, જે તેણે ઘટનાના દિવસે પહેર્યા હતા. આ વચ્ચે આરોપી સિયા ગોયલના પિતા પ્રવીણ ગોયલે કહ્યુ કે પોલીસ આજે તેમના ઘરે આવી તો તેમણે કંઈ પૂછ્યું નહીં. તેમણે કહ્યુ કે અધિકારી ૩૦-૪૫ મિનિટ સુધી ઘર પર રહ્યાં. તેમણે કહ્યું- પોલીસ આજે ઘરે આવી હતી પરંતુ હું કોઈને મળ્યો નહીં. તેમણે પોતાનું કામ કર્યું અને લગભગ ૩૦-૪૫ મિનિટ સુધી અહીં રહી. ડોક્ટરે મને આરામ કરવાની સલાહ આપી છે. મારી તબીયત ઠીક નથી. આ મામલા વિશે હું વાત કરવા ઈચ્છતો નથી. મારામાં તે માટે હિંમત નથી.

## સૌરાષ્ટ્ર - દક્ષિણ બાદ હવે ઉત્તર ગુજરાતમાં મેઘરાજા ભુક્કા બોલાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૬

ગુજરાતમાં જુલાઈની શરૂઆતથી જ વરસાદી માહોલ જામ્યો છે. ચોમાસું તેના રંગમાં રંગાયા બાદ પ્રકૃતિ પણ સોળે કળાએ ખીલી છે. ત્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસ વીજળીના કડાકા ભડાકા સાથે ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી આપી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદનું જોર વધી રહ્યું છે. ત્યારે આગામી સાત દિવસમાં ઉત્તર ગુજરાતમાં પણ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે આપણે હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ આપેલી આગાહી અંગેની માહિતી જોઈએ. હવામાન વિભાગે ગુજરાતના કેટલાક ભાગોમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટની ચેતવણી આપી છે.

હવામાન વિભાગની આજની લેટેસ્ટ આગાહી પ્રમાણે, ગુજરાતમાં ૧૧મી જુલાઈ સુધીમાં સાર્વત્રિક વરસાદની શક્યતા સેવવામાં આવી છે. એટલે કે આગામી સાત દિવસ સુધી ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ભારે-અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવા માટેની સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગે આપેલા વેધર મેપ પ્રમાણે, આજે પાંચમી જુલાઈના રોજ, ૧૯ જિલ્લામાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. સૌરાષ્ટ્રના ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર તથા દક્ષિણ ગુજરાતના નવસારી, ડાંગ, વલસાડમાં રેડ એલર્ટ આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે રાજકોટ, જુનાગઢ, ભરૂચ, સુરત, છોટાઉદેપુર, નર્મદા, તાપીમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે. આ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત પોરબંદર, બોટાદ, વડોદરા, પંચમહાલ, મહીસાગર, દાહોદમાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

છઠ્ઠી જુલાઈના રોજ ૧૯ જિલ્લામાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. સોમવારના રોજ ઉત્તર ગુજરાતનાં કેટલાક જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. સોમવારે નવસારી, વલસાડ અને ડાંગમાં રેડ એલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

આ સાથે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી અને નર્મદામાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત જુનાગઢ, રાજકોટ, વડોદરા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી અને સાબરકાંઠામાં યલો એલર્ટની સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

## બાંકીપુર પેટાચૂંટણીઃ જન સુરાજ પાર્ટીએ પ્રશાંત કિશોરને મેદાનમાં ઉતાર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) પટના, તા.૫

બિહારની બાંકીપુર વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે.

જન સુરાજ પાર્ટીએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે, પાર્ટીના સંસ્થાપક પ્રશાંત કિશોર બાંકીપુર વિધાનસભા સીટ પરથી પેટાચૂંટણી લડશે. એટલે કે પાર્ટીએ બાંકીપુર વિધાનસભા બેઠક પરથી પ્રશાંત કિશોરને ઉમેદવાર જાહેર કર્યા છે. આ અંગેની જાહેરાત જન સુરાજ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ મનોજ ભારતીએ કરી છે. આ સાથે જ બાંકીપુરની પેટાચૂંટણી હવે વધારે રસપ્રદ બની ગઈ છે. પાર્ટી દ્વારા જાહેરાત કરાયા બાદ પ્રશાંત કિશોરે કહ્યું કે, છેલ્લા ૪ વર્ષોથી જન સુરાજ જ તેમની જિંદગી છે અને પાર્ટીએ જે જવાબદારી સોંપી છે, તેને તેઓ ઈમાનદારીથી નિભાવવાનો પ્રયાસ કરશે.

પ્રશાંત કિશોરે કહ્યું કે, જો બાંકીપુરની જનતાના આશીર્વાદ મળશે તો તેઓ ચૂંટણી જીતશે. જનતાની અપેક્ષાઓ પર પૂરેપૂરા ખરા ઉતરવાનો પ્રયાસ કરશે. તેમણે વિશ્વાસ અપાવ્યો કે, જો જનતા તેમને વિધાનસભામાં મોકલશે, તો ત્યાં તેઓ બાંકીપુરની જનતાનો અવાજ મજબૂતીથી ઉઠાવશે. પ્રશાંત કિશોરે આ પેટાચૂંટણીને માત્ર એક વિધાનસભા સીટની ચૂંટણી નહીં, પરંતુ બિહારની વર્તમાન સરકારની પરીક્ષા ગણાવી છે. તેમણે કહ્યું કે, હવે જોવાનું રહેશે કે જનતા શું નિર્ણય લે છે. બાંકીપુરના મતદારોને અપીલ કરતાં તેમણે કહ્યું કે તેઓ કોઈ પાર્ટી કે ચહેરાને બદલે એવા ઉમેદવારને વોટ આપે જે ખરેખરમાં કામ કરતા હોય, ભલે તે કોઈપણ પક્ષના હોય.

## ધૂરંધર મુવી જોઈ વડોદરાના વેપારી પર ફાયરિંગ કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૬

ગયા સપ્તાહે વાઘોડિયા રોડ પર કાપડના વેપારી આશિષ બાકોલીયા પર થયેલા સનસનાટીભર્યા ફાયરિંગ કેસનો વડોદરા જિલ્લા પોલીસે ગણતરીના દિવસોમાં પર્દાફાશ કર્યો છે. આ કોઈ સામાન્ય લૂંટ કે સ્થાનિક અદાવતનો મામલો નથી, પરંતુ આની પાછળ છેક સાત સમુંદર પાર ફિજી દેશનું ઈન્ટરનેશનલ કનેક્શન બહાર આવ્યું છે.

પોલીસે ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડીને છત્તીસગઢના ભિલાઈથી બે શાર્પ શૂટર્સને ઝડપી પાડ્યા છે. વિદેશ બેઠેલા સ્ટીલ કંપનીના માલિકે વેપારીની હત્યા કરવા માટે સોપારી આપી હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

વિગતે વાત કરીએ તો, વડોદરામાં વાઘોડિયા ચોકડી પાસે ગઈ ૨૬ જુનને શુક્રવારે રાત્રે બાઈક સવાર બે શખ્સોએ વેપારી આશિષ બાકોલીયાની કાર પર યુપી-બિહાર સ્ટાઈલમાં અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું, જેમાં ગોળી કાચ તોડીને વેપારીના ખભામાં ઘૂસી ગઈ હતી. આ ચેલેન્જિંગ કેસને ઉકેલવા વડોદરા ગ્રામ્ય એલસીબી, એસઓજી અને વરણામા પોલીસની ટીમો કામે લાગી હતી.

તપાસ દરમિયાન પોલીસે શહેરના બે હજારથી વધુ સીસીટીવી કેમેરા ફંગોળ્યા હતા.

આખરે ગત ૨૫ તારીખના રોજ એક મેડિકલ સ્ટોર અને ત્યારબાદ રેલવે સ્ટેશનના સીસીટીવીમાં બંને શૂટર્સના ચહેરા સ્પષ્ટ દેખાયા હતા. ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે છત્તીસગઢના ભિલાઈમાં દરોડો પાડીને વિક્રમપ્રતાપ સિંઘ અને ગુરજીતસિંહ ભટ્ટીને ઝડપી લીધા છે અને તેમની પાસેથી એક પિસ્તલ, બે મેગઝીન અને દસ કારતૂસ જપ્ત કરાયા છે. સમગ્ર મામલે રેન્જ આઈજી સંદીપ સિંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે સીસીટીવી અને ટેકનિકલ સોર્સિસની મદદથી છત્તીસગઢથી બે આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે ભોગ બનનાર વેપારી અગાઉ ફિજી દેશમાં દયાલ સ્ટીલ કંપનીમાં ફાઈનાન્સિયલ મેનેજર હતા. ત્યાં કંપનીના માલિક જય દલાલ સાથે તેમને કોઈ બાબતે વિવાદ થયો હતો. આ અદાવતમાં જય દલાલે પોતાની જ કંપનીના કર્મચારી વિક્રમપ્રતાપને વેપારીની હત્યા કરવા માટે ભારત મોકલ્યો હતો અને ફંડિંગ પૂરું પાડ્યું હતું.

તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી વિક્રમપ્રતાપ ગત ૨૦ એપ્રિલે ફિજીથી ભારત આવ્યો હતો. તેણે અહીં ગુરજીતસિંહને પોતાની સાથે લીધો હતો. નવાઈની વાત એ છે કે ફાયરિંગ કરતા પહેલાં બંને શૂટર્સે વડોદરાના એક મોલમાં ધૂરંધર અને જિંદગી વન્સ મોર જેવી ફિલ્મો પણ જોઈ હતી અને રેકી કરી હતી. સ્ટીલ કંપનીના માલિકે વિક્રમની પત્ની સોનલના બેંક ખાતામાં ૨.૭૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, જેમાંથી ૫૦ હજાર રૂપિયા શૂટર ગુરજીતને આપવાના હતા. ઘટનાને અંજામ આપી બંને ટ્રેન મારફતે ભાગી ગયા હતા.

વધુમાં આરોપી વિક્રમપ્રતાપ આગામી ૭ જુલાઈએ ફિજી ભાગી જવાની ફિરાકમાં હતો, તે પહેલા જ પોલીસે તેને દબોચી લીધો છે. જોકે, ફિજીના માલિકે આટલી મોટી સોપારી કેમ આપી તેનું મુખ્ય કારણ જાણવા પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## અમદાવાદમાં એસ.જી. હાઈવે સહિત અનેક વિસ્તારમાં વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૫

અમદાવાદના એસ.જી. હાઈવે, મકરબા, સરખેજ, આનંદનગર અને વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં આજે રવિવારની સાંજે અચાનક આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. રસ્તાઓ પર પાણીના વહેણ શરૂ થઈ ગયા જેના કારણે ઓફિસેથી ઘરે પરત ફરતા લોકો અને નોકરિયાતો વરસાદમાં અટવાયા હતા, તો બીજી તરફ લાંબા સમયના ઉકળાટ પછી વાતાવરણમાં ઠંડક પ્રસરતાં શહેરીજનોએ ચા-ભજિયાની મોજ માણી આ આહલાદક વરસાદી સાંજનું સ્વાગત કર્યું છે.

અમદાવાદ શહેરમાં ગઈકાલે (ચોથી જુલાઈ) સવારે ૬:૦૦ વાગ્યાથી આજે (પાંચમી જુલાઈ) સવારે ૬:૦૦ વાગ્યા સુધી સિટીમાં સરેરાશ ૩૯.૧૫ મીમી એટલે કે, અંદાજે ૧.૫૪ ઈંચ વરસાદ થયો છે. આ વરસાદ સાથે શહેરમાં સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૬૩.૧૫ મીમી એટલે કે ૨.૪૯ ઈંચ પર પહોંચી ગયો છે. આમ, શહેરમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે અને ઘણાં વિસ્તારોમાં ૨ ઈંચ કે તેથી વધુ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

### આ વિસ્તારમાં ૪૧ માળની ગગનચુંબી બિલ્ડિંગોને મંજૂરી

# અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા સાયન્સ સિટીની સ્કાયલાઈન બદલાશે

## આવનારા સમયમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક ગેમ્સ માટે સૌથી પોશ વિસ્તાર 'સ્કાય-સ્કેપર્સ' ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૬

સતત વિકસતા અને આધુનિકતા તરફ કૂચ કરી રહેલા અમદાવાદ શહેરમાં હવે વિકાસની વ્યાખ્યા બદલાઈ રહી છે. જમીનની મર્યાદિત ઉપલબ્ધતા અને આધુનિક જીવનશૈલીની માંગને ધ્યાનમાં રાખીને શહેરમાં હવે 'વર્ટિકલ ડેવલપમેન્ટ' એટલે કે બહુમાળી ઈમારતોનો યુગ શરૂ થયો છે. એસ.જી. હાઈવે અને સિંધુભવન રોડ બાદ, હવે શહેરનો સાયન્સ સિટી વિસ્તાર હાઈ-રાઈઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું નવું કેન્દ્ર બની રહ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સાયન્સ સિટીથી હેબતપુર રોડ પર અત્યાર સુધીની સૌથી ઊંચી ઈમારતોના નિર્માણ માટે લીલી ઝંડી આપી દેવામાં આવી છે. સાયન્સ સિટીથી હેબતપુર રોડ પર ૧૪૯.૯૫ મીટર (અંદાજે ૧૫૦ મીટર) ની ઊંચાઈ ધરાવતી બિલ્ડિંગને મંજૂરી આપવામાં આવી છે. આ ગગનચુંબી ટાવરમાં ૩ અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને તેની ઉપર ૪૧ માળનું ભવ્ય બાંધકામ કરવામાં આવશે. આ ઉપરાંત, મુખ્ય સાયન્સ સિટી રોડ પર પણ ૩ બેઝમેન્ટ અને ૩૧ માળ ધરાવતી ૧૦૮.૫૦ મીટર ઊંચી વૈભવી રહેણાંક ઈમારતોના નકશા મંજૂર કરાયા છે. આ ગગનચુંબી ઈમારતોના નિર્માણ પાછળ માત્ર શહેરી વિકાસ જ નહીં, પરંતુ ભવિષ્યની મોટી યોજનાઓ પણ કામ કરી રહી છે. અમદાવાદ દ્વારા ભવિષ્યમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક જેવી વૈશ્વિક રમતગમતની સ્પર્ધાઓના યજમાનપદ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોનું આયોજન થશે, ત્યારે લાખોની સંખ્યામાં વિદેશી રમતવીરો, કોચ, સરકારી પ્રતિનિધિઓ અને વૈશ્વિક મીડિયા કર્મીઓ અમદાવાદ આવશે. આ મહેમાનોને વિશ્વસ્તરીય રહેણાંક સુવિધાઓ પૂરી પાડવા માટે આ પ્રકારના 'સ્કાય-સ્કેપર્સ' અત્યંત જરૂરી છે. આ ઈમારતો માત્ર રહેવા માટેનું સ્થળ નહીં, પરંતુ આધુનિક સગવડોથી સજ્જ સેલ્ફ-સસ્ટેન્ડ ટાઉનશિપ જેવી હશે.

માત્ર બિલ્ડિંગ જ નહીં, પરંતુ આ વિસ્તારમાં આયોજનબદ્ધ રીતે રોડ, ગટર, પાણી અને અન્ય પ્રાથમિક સુવિધાઓનો વિકાસ પણ કરવામાં આવશે. સાયન્સ સિટી વિસ્તાર હવે માત્ર અમદાવાદનો એક ભાગ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરના માપદંડોને અનુરૂપ એક આધુનિક હબ બનવા જઈ રહ્યો છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણના કોમર્શિયલ કોમ્પ્લેક્સના મેનેજરો સાથે સમીક્ષા બેઠક યોજાઈ



**ગાંધીનગર,**

ગાંધીનગર શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યા, આડેધડ પાર્કિંગ, ગેરકાયદેસર દબાણો અને ઘન કચરાના નિકાલના કાયમી વ્યવસ્થાપન માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એસ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કુડાસણ વિસ્તારના અગ્રણી કોમર્શિયલ તેમજ શોપિંગ કોમ્પ્લેક્સના વ્યવસ્થાપકો સાથે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશોના ચુસ્ત અમલીકરણ માટે યોજાયેલી આ બેઠકમાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એમ. ભોરણીયા સહિત સેનિટેશન, ટાઉન પ્લાનિંગ તેમજ એસ્ટેટ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કુડાસણ વિસ્તારની જાહેર વ્યવસ્થા સુધારવાના આ ભગીરથ પ્રયાસમાં વૃંદાવન સ્વીટ, ધ લેન્ડમાર્ક, સ્વાગત રેન ફોરેસ્ટ ૨, પ્રમુખ આર્કેડ, પ્રમુખ મસ્તાના, રાધે સ્ક્વેર, વૃંદાવન ટ્રેડ સેન્ટર અને પ્રમુખ ઓર્બિટ મોલ જેવા પ્રતિષ્ઠિત કોમ્પ્લેક્સના મેનેજરશ્રીઓએ હાજર રહી વહીવટી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ સત્તાવાર બેઠકમાં મહાનગરપાલિકા દ્વારા કોમર્શિયલ અને મિક્સ બિલ્ડિંગો માટે પાર્કિંગ વ્યવસ્થાપનની કડક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, જે અંતર્ગત બિલ્ડિંગના માલિકો, દુકાનદારો, ત્યાં કામ કરતા કર્મચારીઓ તેમજ ખરીદી અર્થે આવતા તમામ મુલાકાતીઓના વાહનો પ્રાથમિકતાના ધોરણે બેઝમેન્ટ પાર્કિંગમાં જ પાર્ક થાય તે સુનિશ્ચિત કરવાની સંપૂર્ણ જવાબદારી બિલ્ડિંગ મેનેજમેન્ટની રહેશે. બિલ્ડિંગના મંજૂર થયેલા નકશા મુજબ પાર્કિંગ માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ જેવી કે બેઝમેન્ટ, રોડ સાઈડ માર્જિન અને કોમન પ્લોટનો ઉપયોગ માત્ર અને માત્ર પાર્કિંગના હેતુ માટે જ કરવાનો રહેશે અને ત્યાં કોઈપણ પ્રકારના ટેમ્પરરી શેડ, કેબિન, સ્ટોલ કે સામિયાણા ઊભા કરી શકાશે નહીં. આ ઉપરાંત, બિલ્ડિંગની પ્રિમાઈસીસમાં રસ્તા તરફ જવાના માર્ગે લેવલ ડિફરન્સ કરીને ઊભા કરવામાં આવેલા ઓટલા, લેન્ડસ્કેપિંગ, બગીચા કે અન્ય આડશો જેવા અવરોધોને તાકીદે દૂર કરી તે જગ્યા વાહનોની અવરજવર અને પાર્કિંગ માટે ખુલ્લી કરવાની રહેશે, તેમજ બિલ્ડિંગના ફ્રન્ટ માર્જિનમાં કોઈપણ પ્રકારનો માલ-સામાન મૂકીને કરાતા દબાણો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

શહેરી સ્વચ્છતા અને ગ્રીનરીને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે બેઠકમાં સેનિટેશન અને વૃક્ષારોપણની બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ની જોગવાઈઓ અનુસાર તમામ સંસ્થાઓએ કચરાના નિકાલ માટે ચાર અલગ-અલગ પ્રકારના ડસ્ટબીન રાખી કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવાનું રહેશે અને આસપાસના કોમન એરિયાની નિયમિત સફાઈ માટે પૂરતો સ્ટાફ રાખવાનો રહેશે. દરેક કોમર્શિયલ બિલ્ડિંગમાં આવતા જાહેર મુલાકાતીઓ માટે પૂરતી સંખ્યામાં સ્વચ્છ શૌચાલય અને યુરીનલની સુવિધા સાઈનેજીસ (દિશા-સૂચક બોર્ડ) સાથે ઉપલબ્ધ કરાવવાની રહેશે, તેમજ પર્યાવરણની જાળવણી માટે પ્રિમાઈસીસમાં વૃક્ષારોપણ કરવાનું રહેશે, જેના માટે છોડની જરૂરિયાત ઊભી થશે તો મહાનગરપાલિકા દ્વારા તે વિનામૂલ્યે પૂરા પાડવામાં આવશે.

નાગરિકોના વ્યાપક હિતમાં અને કાયદાકીય જોગવાઈઓના પાલન અર્થે, કુડાસણના તમામ કોમર્શિયલ બિલ્ડિંગોએ પોતાની 'બિલ્ડિંગ મેનેજમેન્ટ કમિટી'ની તાકીદે રચના કરી તેના સભ્યોના નામ, હોદ્દા અને સંપર્ક નંબર સહિતની તમામ વિગતો દિન-૩ (ત્રણ દિવસ) ની અંદર ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી ખાતે અનિવાર્યપણે રજૂ કરવાની રહેશે. પાર્કિંગની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરનાર અથવા આ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરનાર એકમો વિરુદ્ધ સી.જી.ડી.સી.આર.-૨૦૧૯ (CGDCR-2019) ના નિયમો અનુસાર બિલ્ડિંગની બાંધકામ વપરાશ પરવાનગી (BU Permission) સ્થગિત કરી કાયદેસર રીતે સીલ મારવાની કડક જપ્તી ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

## અયોધ્યા રામ મંદિરમાં એક નવો નિયમ લાગુ કરાયો

# અયોધ્યા રામ મંદિરનો નવો 'નો-પોકેટ' ડ્રેસ કોડ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અયોધ્યા, તા.૬**

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે અયોધ્યા રામ મંદિરમાં દાન અને ભેટોની ગણતરી કરતા કર્મચારીઓ માટે એક નવો નિયમ લાગુ કર્યો છે. આ નિયમને "નો પોકેટ" ડ્રેસ કોડ કહેવામાં આવી રહ્યો છે. અહેવાલો અનુસાર તાજેતરના દાન કૌભાંડમાં SIT તપાસ બાદ ટ્રસ્ટ અને બેંક મેનેજમેન્ટે સંયુક્ત રીતે આ નિયમ લાગુ કર્યો છે.

નવો ડ્રેસ કોડ રામ મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ અથવા પ્રવાસીઓને લાગુ પડતો નથી. તેના બદલે, આ નિયમ ફક્ત બેંકો અને આઉટસોર્સ એજન્સીઓના કર્મચારીઓને લાગુ પડે છે જે દાનમાં મળેલી રોકડ, ઘરેણાં અને અન્ય કિંમતી વસ્તુઓની ગણતરી માટે જવાબદાર છે. ગણતરી પ્રક્રિયામાં સીધા સંકળાયેલા કર્મચારીઓએ જ આ નવા નિયમોનું પાલન કરવાની જરૂર પડશે.

સૌથી મહત્વપૂર્ણ ફેરફારોમાંનો એક ખિસ્સા વગરનો ખાસ ગણવેશ જરૂરી છે. આ નવા નિયમ મુજબ, દાન ગણતરી હોલમાં પ્રવેશતા દરેક કર્મચારીએ ખિસ્સા વગરનો ઘેરો વાદળી ડ્રેસ પહેરવો આવશ્યક છે. આ પગલાનો હેતુ મંદિરના દાનનું સંચાલન કરતી વખતે કપડાં હેઠળ ચલણ અથવા કિંમતી વસ્તુઓ છુપાવવાની કોઈપણ શક્યતાને દૂર કરવાનો છે. ગણતરી કર્મચારીઓ માટે સુરક્ષા વ્યવસ્થા પણ નોંધપાત્ર રીતે કડક કરવામાં આવી છે. કર્મચારીઓની હવે બે તબક્કામાં શારીરિક તપાસ કરવામાં આવે છે: એક વખત ગણતરી હોલમાં પ્રવેશ કરતી વખતે અને એક વખત બહાર નીકળતી વખતે. આ બે તબક્કાની સુરક્ષા તપાસનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ અનધિકૃત વસ્તુઓ ભારે સુરક્ષાવાળા ગણતરી વિસ્તારમાં પ્રવેશ ન કરે કે બહાર ન નીકળે.

ટ્રસ્ટે ગણતરી ખંડમાં વ્યક્તિગત સામાનના પ્રવેશ પર પણ સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. કર્મચારીઓને હોલમાં મોબાઈલ ફોન, પાકીટ, કેમેરા, બેગ, ચાવી અથવા અન્ય કોઈપણ વ્યક્તિગત વસ્તુઓ લઈ જવાની મંજૂરી નથી. વધુમાં ગણતરી વિસ્તારમાં પ્રવેશતા પહેલા તેઓએ પોતાના જૂતા અને ચંપલ કાઢવા પડશે.

વધુમાં કર્મચારીઓ હવે ટેબલ અને ખુરશીઓ પર બેસવાને બદલે રોકડ અને કિંમતી વસ્તુઓની ગણતરી કરવા માટે ફ્લોર પર બેસવું પડશે. અહેવાલો અનુસાર ગણતરી પ્રક્રિયા દરમિયાન પારદર્શિતા વધારવા માટે આ વધારાનો ઉપાય લાગુ કરવામાં આવ્યો છે.

# પાકિસ્તાનમાં હિન્દુઓનું અસ્તિત્વ હવે જોખમમાં

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ઈસ્લામાબાદ, તા.૫**

પાકિસ્તાનમાં વસતા હિન્દુ લઘુમતી સમુદાયની સ્થિતિ છેલ્લા કેટલાક વર્ષોમાં ગંભીર ચિંતાનો વિષય બની છે. વિવિધ માનવાધિકાર સંગઠનો અને મીડિયા અહેવાલોમાં સમયાંતરે એવા દાવાઓ સામે આવ્યા છે કે હિન્દુ મંદિરોમાં તોડફોડ, ધાર્મિક સ્થળોનું અપમાન અને લઘુમતી સમુદાય પર અત્યાચારની ઘટનાઓ સતત સામે આવી રહી છે. જેના કારણે ત્યાં રહેતા હિન્દુ પરિવારોમાં અસુરક્ષાની લાગણી વધી રહી છે.

સૌથી વધુ ચિંતા ઉપજાવતો મુદ્દો સગીર હિન્દુ બાલિકાઓના અપહરણ અને જબરદસ્તી ધર્માંતરણના આરોપો છે. અનેક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ૧૨થી ૧૩ વર્ષની હિન્દુ બાળકીઓને કિડનેપ કર્યા બાદ તેમનું બળજબરીથી ધર્માંતરણ કરવામાં આવે છે. ત્યારબાદ કાનૂની દસ્તાવેજોમાં તેમની ઉંમર ૧૮ વર્ષથી વધુ દર્શાવવામાં આવે છે અને તેઓએ પોતાની મરજીથી ઈસ્લામ ધર્મ સ્વીકારીને લગ્ન કર્યા હોવાનું રજૂ કરવામાં આવે છે. આવા કેસોમાં ઘણી વખત પીડિતાઓના પરિવારજનો ન્યાય માટે અદાલતો અને વહીવટી તંત્રનો સહારો લે છે. જોકે, અનેક માનવાધિકાર સંગઠનોનું માનવું છે કે આવી ફરિયાદોમાં અસરકારક કાર્યવાહી ન થવાના કારણે લઘુમતી સમુદાયમાં ભય અને નિરાશા વધુ ઊંડી બની રહી છે. માત્ર ધાર્મિક નહીં, પરંતુ સાંસ્કૃતિક ઓળખ પર પણ દબાણ હોવાના આરોપો સામે આવ્યા છે. ઉદાહરણ તરીકે, સિંધ પ્રદેશમાં પરંપરાગત રીતે મહિલાઓ દ્વારા પહેરાતી સાડી હવે ધીમે ધીમે માત્ર હિન્દુ સમુદાયની ઓળખ તરીકે જોવામાં આવી રહી છે. સામાજિક વિશ્લેષકોના મતે, આ પરિવર્તન પ્રદેશની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિવિધતા પર અસર કરી રહ્યું છે.

પાકિસ્તાનમાં હિન્દુઓ અને અન્ય લઘુમતી સમુદાયો સામે થતા કથિત અત્યાચારો અંગે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનો પણ સમયાંતરે ચિંતા વ્યક્ત કરતા રહ્યા છે. તેઓએ લઘુમતી સમુદાયના ધાર્મિક અધિકારોનું રક્ષણ, સગીરાઓની સુરક્ષા અને કાયદાના નિષ્પક્ષ અમલની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. પાકિસ્તાનમાં હિન્દુ લઘુમતી સમુદાય સામેના કથિત અપહરણ, જબરદસ્તી ધર્માંતરણ અને ધાર્મિક-સાંસ્કૃતિક પડકારો માત્ર એક સમુદાયનો પ્રશ્ન નથી, પરંતુ માનવાધિકાર અને ધાર્મિક સ્વતંત્રતા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. આવા કેસોમાં પારદર્શક તપાસ, કાયદાકીય કાર્યવાહી અને લઘુમતી સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી માનવામાં આવે છે.

# ૬૧ વર્ષની ઉંમરમાં અભિનેતા આમિર ખાને કર્યા ત્રીજા લગ્ન

**(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૬**

બોલીવુડ સુપરસ્ટાર આમિર ખાને ગૌરી સ્પ્રાટ સાથે લગ્ન કરી લીધા છે. આ લગ્ન મુંબઈના બાંદ્રામાં આવેલા આમિર ખાનના ઘર પર સાદાઈથી થયા છે. બંને છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી સાથે હતા. રવિવારે એક ખાનગી ઈવેન્ટમાં તેમના પરિવારના લોકો અને ખાસ મિત્રો સામેલ થયા હતા. આમિરના પ્રવક્તાએ તેની પુષ્ટિ કરી છે. આ પ્રસંગે તેના પાછલા લગ્નના ત્રણેય બાળકો પણ હાજર રહ્યાં હતા. લગ્નના કાર્યક્રમ શરૂ થતાં પહેલા આમિરની દીકરી ઈરાન ખાન અને પુત્ર જુનૈદ ખાન તેના ઘરે પહોંચ્યા હતા. લગાન ફિલ્મના ડાયરેક્ટર આશુતોષ ગોવારિકર અને અભિનેત્રી એલી અમરાવ પણ જશ્નમાં સામેલ થયા હતા.

આમિર અને ગૌરી પ્રથમવાર આશરે ૨૫ વર્ષ પહેલા મળ્યા હતા. પરંતુ બંનેનો સંબંધ ૨૦૨૪મા ત્યારે શરૂ થયો જ્યારે તેઓ બેંગલુરમાં આમિરની પિતરાઈ બહેન નુઝહત ખાન દ્વારા ફરી મળ્યા હતા. આ પહેલા આમિર ખાને ડાયરેક્ટર કિરણ રાવ સાથે લગ્ન કર્યા હતા. બંનેની મુલાકાત ફિલ્મ લગાનના સેટ પર થઈ હતી, જ્યાં કિરણ સહાયક ડાયરેક્ટર હતી. બંનેએ ૨૦૦૫મા લગ્ન કર્યા અને ૨૦૧૧મા સરોગેસી દ્વારા પુત્ર આઝાદ રાવ ખાનને જન્મ આપ્યો હતો. લગ્નના ૧૬ વર્ષ બાદ ૨૦૨૧મા બંને અલગ થઈ ગયા હતા. છૂટાછેડા બાદ પણ બંને સારા મિત્ર છે અને સાથે બાળકનો ઉછેર કરી રહ્યાં છે અને પાણી ફાઉન્ડેશન તથા ફિલ્મોમાં પણ સાથે કામ કરે છે. કિરણ પહેલા આમિરે વર્ષ ૧૯૮૬મા રીના દત્તા સાથે લગ્ન કર્યા હતા. તે શરૂઆતી દિવસોમાં બંનેની લવ સ્ટોરી ખુબ ચર્ચામાં રહી હતી. આ લગ્ન લગભગ ૧૬ વર્ષ ચાલ્યા અને ૨૦૦૨મા બંનેના છૂટાછેડા થયા હતા. સંબંધ તૂટ્યા બાદ પણ આમિરે રીના સાથે સન્માનજનક સંબંધ બનાવી રહ્યો છે. હવે આમિરે પોતાની નવી યાત્રા શરૂ કરી છે, ફેન્સ અભિનેતાને શુભેચ્છા આપી રહ્યાં છે.

## વડોદરા ડભોઈના પારા ગામની કાળજું કંપાવતી ઘટના

# પત્ની-બાળકોની નજર સામે ખેત મજૂરને મગર નદીમાં ખેંચી ગયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વડોદરા, તા.૬**

ગુજરાતમાં દીપડા અને સિંહના આતંક બાદ હવે મગરે એક માનવીનો શિકાર કર્યો હોવાની હૃદયદ્રાવક ઘટના હાલ વડોદરાના ગ્રામ્ય વિસ્તારમાંથી સામે આવી છે. વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના પારા ગામે મગરે પત્ની અને બાળકની નજર સામે એક ગરીબ ખેતમજૂર પર જીવલેણ હુમલો કરીને તેને નદીમાં ખેંચી જઈ મોતના ઘાટ ઉતારી દીધો હોવાનો કાળજું કંપાવતો કિસ્સો સામે આવ્યો છે. ત્યારે વન્ય પ્રાણીઓના વધતા જતા આતંકને લઈ વન વિભાગ હાલ એક્શન મોડમાં આવ્યું છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રાજ્યમાં સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓના આતંકની વચ્ચે વડોદરાના ડભોઈમાં મગરના ઘાતકી હુમલામાં બજારિયાભાઈ નશરૂભાઈ નાયક નામના યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. મળતી વિગતો મુજબ, વડોદરા ડભોઈના પારા ગામે મૃતક બજારિયા નાયક પોતાની પત્ની અને બે નાના માસૂમ બાળકો સાથે ખેત મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ઘટના સમયે તે પોતાના પરિવારને નદીના કિનારે બેસાડીને પોતે નદીમાં નાહવા માટે ગયો હતો, ત્યારે જ પાણીમાં નજર ટાંપીને બેઠેલો વિશાળ મગર અચાનક ત્રાટક્યો હતો અને યુવકને ઊંડા પાણીમાં ખેંચી ગયો હતો.

પોતાના પતિને મગર ખેંચી જતો જોઈને પત્નીએ ભારે બૂમાબૂમ અને રાડારોડ મચાવી મૂકી હતી, જેથી આસપાસના ગ્રામજનો તાત્કાલિક નદી કિનારે દોડી આવ્યા હતા અને યુવકનો જીવ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જોકે ભારે જહેમત બાદ ગ્રામજનોને સફળતા ન મળતા યુવક મોતને ભેટ્યો હતો. જેથી લોકો મગરના મુખમાંથી મૃતદેહને છોડાવી નદીની બહાર કાઢ્યો હતો. ત્યારે આ દુખદ ઘટના બાદ મૃતદેહને તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડાયો છે અને ચાંદોદ પોલીસ તેમજ ડભોઈ વન વિભાગે (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) સ્થળ પર પહોંચીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં તાજેતરના સમયમાં સિંહના હુમલાની પણ ચાર-ચાર ગંભીર ઘટનાઓ સામે આવી ચૂકી છે. જેમાં અમરેલી જિલ્લામાં બનેલી બે જુદી-જુદી ઘટનાઓમાં એક પરપ્રાંતિય શ્રમિક અને એક નાના માસૂમ બાળકનું સિંહના હુમલામાં મોત થયું હતું. આવી જ રીતે, ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગઢડા ગામે પણ સિંહના હુમલામાં એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું હતું. આ દરમિયાન રાજ્યના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાના આંટાફેરા અને હુમલાની ઘટનાઓ તો અવારનવાર બને જ છે, ત્યારે હવે મગરના આ નવા આતંકથી સ્થાનિકોમાં ભયનો ભારે માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં મગરના આતંકની આવી ઘટનાઓ અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના મગરો અવારનવાર પૂરના પાણી સાથે વડોદરા શહેરમાં અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી આવતા હોય છે. ભૂતકાળમાં પણ વડોદરાના શહેરી વિસ્તારમાં મહાકાય મગર રસ્તા પર દોડતા હોવાના ફોટા-વીડિયો વાયરલ થઈ ચૂક્યા છે, જેને કારણે નદી કિનારાના વિસ્તારોમાં રહેતા લોકોમાં હંમેશા ફફળાટ અને ચિંતાનો માહોલ રહે છે. હવે દીપડા અને સિંહના આતંક બાદ મગર દ્વારા માનવીના શિકારની આ ઘટનાને તંત્ર કેટલું ગંભીરતાથી લે છે અને આ મુદ્દે શું કાર્યવાહી કરે એ જોવું રહ્યું!

## નદીના પાણી ઘરોમાં ઘૂસતાં ફસાયેલા ૨૫૪નું રેસ્ક્યૂ

# ગીર સોમનાથમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગીર સોમનાથ, તા.૬**

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં ગત ૪ જુલાઈ, ૨૦૨૬ની રાત્રે ભારે વરસાદના કારણે નદી-નાળા છલકાયા છે, તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન ખોરવાયું છે. જેમાં ગાંગડા ગામે પૂર આવતા નદીના પાણી લોકોમાં ઘરમાં ઘૂસ્યા હતા. આ સ્થિતિમાં પાણીમાં ફસાયેલા ૨૫૦ જેટલાં લોકોનું તંત્ર દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ઉના તાલુકાના સામતેર ગામે અતિ વરસાદના કારણે ઘરમાં ફસાયેલા ૪ વ્યક્તિનું રેસ્ક્યૂ કરી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

અતિભારે વરસાદી સ્થિતિમાં ગીર સોમનાથના ગાંગડા ગામે નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. નદીના ધસમસતા પ્રવાહનું પાણી લોકોના ઘરમાં ઘૂસી જતાં વહીવટી તંત્ર દ્વારા ત્વરિત કામગીરી દાખવી ૨૫૦ જેટલાં લોકોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ગાંગડા ગામે ગત રાતના આશરે ૧ વાગ્યે ભારે વરસાદના કારણે ગામની નજીક આવેલી રૂપેણ નદીનો પાળો તૂટી ગયો હતો. આ પાળો તૂટવાના કારણે રૂપેણ નદીનું પાણી ગાંગડા ગામના નવા પ્લોટ વિસ્તાર તથા નીચાણવાળા વિસ્તારમાં ઘૂસી ગયું હતું. સમગ્ર વિસ્તારમાં પાણી ભરાવાના કારણે આશરે ૨૫૦ જેટલા લોકો પાણીમાં ફસાયેલા હોવાનું વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું.

પરિસ્થિતીની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે મામલતદાર કચેરી સ્ટાફ, તાલુકા પંચાયત કચેરી સ્ટાફ, પોલીસ વિભાગ તેમજ એસ.ડી.આર.એફની ટીમ દ્વારા સંયુકત રીતે ગાંગડા પ્રાથમિક શાળા તેમજ બાપાસિતારામ આશ્રમ ખાતે રેસ્ક્યૂની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં તંત્ર દ્વારા ૧૧૫ જેટલાં વ્યકતિઓને રહેવા, જમવા તેમજ સુવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બીજી તરફ, ઉના તાલુકાના સામતેર ગામે અડધી રાતે નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા ઘરમાં ફસાયેલા ૪ લોકોનું વહીવટી તંત્ર અને એસ.ડી.આર.એફની ટીમ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. તમામ લોકોનો સુરક્ષિત બચાવ કરી અને પ્રાથમિક શાળા-સુલતાનપુર ખાતે શિફટ કરવામાં આવ્યાં હતાં. જ્યાં તેમને રહેવાની અને સૂવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદ અને પવનના પરિણામે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. જેના પરિણામે ઉના તાલુકાના સૈયદ રાજપરામાં લાંગરેલી ૫ થી ૬ બોટ અને ૨-૩ નાની હોડીઓ સમુદ્રમાં તણાઈ હતી. તણાઈ ગયેલી બોટમાંથી એક બોટમાં ૪ માછીમાર હોવાનું જાણવા મળ્યું હતું.

જેથી આ બોટ-હોડીના રેસ્ક્યૂ માટે કોસ્ટગાર્ડના જવાનો સૈયદ રાજપરા ખાતે રવાના થયા હતા. જેમાં કોસ્ટગાર્ડ દ્વારા નવાબંદર ખાતે કમલેશ જીલુભાઈ બારૈયા, નરશી બચુભાઈ બાંભણીયા, રવજી બાબુભાઈ શિયાળ તથા રામજી બાબુભાઈ શિયાળનું સલામત રેસ્ક્યૂ કરીને બચાવવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદથી નદી-નાળા છલકાયા, અનેક ડેમ ઓવરફ્લો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૬**

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં સાંબેલાધાર વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજ્યના કુલ ૧૯૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં ૧૩૧ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. અનેક વિસ્તારોમાં ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે, તો નદી-નાળા ગાંડાતૂર બન્યા છે.

સૌથી વધુ વરસાદી આંકડા (છેલ્લા ૨૪ કલાક)

રાજ્યના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલ ભારે વરસાદના આંકડા નીચે મુજબ છે..

અમરેલી (ખાંભા): ૭.૭૬ ઈંચ

અમરેલી (રાજુલા): ૬.૭૩ ઈંચ

ગીર સોમનાથ (ઉના): ૬.૪૨ ઈંચ

નવસારી (ગણદેવી): ૬.૧૮ ઈંચ

ભાવનગર (મહુવા): ૬.૦૬ ઈંચ

નવસારી (ચીખલી): ૫.૬૭ ઈંચ

નવસારી (જલાલપોર): ૪.૮૪ ઈંચ

અમરેલી (જાફરાબાદ): ૩.૯ ઈંચ

આ ઉપરાંત, આજે વહેલી સવારે ૦૬ થી ૦૮ કલાક દરમિયાન પણ વરસાદનું જોર યથાવત રહ્યું હતું, જેમાં રાજુલામાં ૨.૦૧ ઈંચ અને મહુવામાં ૧.૩૦ ઈંચ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને પગલે જળાશયોમાં પાણીની આવક વધી છે. ગીર સોમનાથમાં રાવલ અને માલણ નદીમાં ઘોડાપૂર આવ્યા છે. અમરેલીનો ધાતરવડી અને રાયડી ડેમ ઓવરફ્લો થતા તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ખાંભામાં રાયડી ડેમના ૩ દરવાજા ખોલવામાં આવતા નીચાણવાળા વિસ્તારો જેવા કે નાના બારમણ, મોટા બારમણ, ચોતરા અને મીઠાપુર ગામોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. નદીના પટમાં અવરજવર ન કરવા તંત્ર દ્વારા કડક તાકીદ કરવામાં આવી છે.

ભાવનગરના ઓથા ગામે ડોંગી નદીમાં એક કાર પાણીના તેજ પ્રવાહમાં તણાઈ હતી. કાર રમકડાંની જેમ વહી રહી હતી, પરંતુ સદનસીબે આગળ નાળું આવતા કાર અટકી ગઈ હતી. સ્થાનિકો અને તંત્રની મદદથી ત્રઝ્મ દ્વારા કારને બહાર કાઢવામાં આવી હતી અને તેમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો.

ભારે વરસાદને કારણે જૂનાગઢ અને રાજકોટના ખેતરો બેટમાં ફેરવાયા છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ઉભા પાકને મોટું નુકસાન થવાની ખેડૂતોને ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ, રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદના પગલે નેશનલ હાઈવે સહિત કુલ ૧૦૮ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણ ખોરવાયો છે.

હજુ પણ રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ૭ જુલાઈ સુધી ભારે વરસાદનો દોર ચાલુ રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે રહેવા અને નદી-નાળા નજીક ન જવા માટે અપીલ કરવામાં આવી છે.

## ગુજરાત પોલીસના અધિકારીઓ માટે મોટા સમાચાર

# ગૃહ વિભાગમાંથી છૂટ્યા આદેશ; રથયાત્રાના કારણે રજા માગવી નહીં!

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૬**

રથયાત્રાને લઈને અમદાવાદ શહેરમાં સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ ચુસ્ત અને સઘન બનાવવામાં આવી રહી છે. રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રાજ્યના ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રથયાત્રામાં સુરક્ષાના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે.

રાજ્યના પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓના આદેશ અનુસાર, આગામી ૧૦ જુલાઈથી ૧૭ જુલાઈ સુધી રાજ્યના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. રથયાત્રાના આયોજન દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને અને શહેર તેમજ રાજ્યમાં શાંતિનું વાતાવરણ જળવાઈ રહે તે માટે આ નિર્ણય લેવાયો છે.

પોલીસ તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે આ સમયગાળા દરમિયાન રજાઓ રદ રહેશે. જો કોઈ પોલીસ અધિકારી કે કર્મચારીને અતિ મહત્વના અથવા ખાસ અનિવાર્ય સંજોગો હોય, તો જ તેમને રજા મળવાપાત્ર રહેશે. અન્યથા, બાકીના તમામ પોલીસ કર્મીઓએ ફરજ પર હાજર રહેવું ફરજિયાત રહેશે.

રથયાત્રા એ માત્ર ધાર્મિક ઉત્સવ જ નહીં, પરંતુ એક વિશાળ લોકસમુદાયનો કાર્યક્રમ છે. લાખોની સંખ્યામાં ઉમટતા શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલા આ આયોજન હેઠળ શહેરોના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવશે. સીસીટીવી કેમેરા અને ડ્રોન દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે. કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવા અને કાયદો વ્યવસ્થા જાળવવામાં પોલીસને સહયોગ આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ-ગાંધીનગર કોરીડોરના સર્વાંગી વિકાસમાં નવી ગતિ

**બ્યુરો રિપોર્ટ :-**
**જયુ ટાંક પત્રકાર સુરત**

પાટનગર ગાંધીનગરને અમદાવાદ એરપોર્ટ સાથે જોડતા માર્ગ પર ભાટ ચાર રસ્તા પરનો નવિન કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રવિવાર તા.૦૫/૦૭/૨૦૨૬થી વાહન વ્યવહાર માટે ખૂલ્લો મૂક્યો છે.

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તથા મદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઔડા દ્વારા પચાસ-પચાસ ટકાની ભાગીદારીથી આ નવિન ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

રૂ.૧૭૫ કરોડના અંદાજીત ખર્ચે નિર્માણ થયેલો ૧.૪૮ કિલોમીટરની લંબાઈ ધરાવતો આ કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ રાજયના શહેરી વિસ્તારનો સૌ પ્રથમ કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બ્રિજના લોકાર્પણ સાથે ગાંધીનગર-અમદાવાદ કોરિડોર પર કોબા સર્કલથી ભાટે સર્કલ વચ્ચે નર્મદા મુખ્ય કેનાલના હાલના ૬ લેન બ્રિજનું ટ્વેલ્વ લેનમાં રૂપાંતર કરવાની કામગીરીનું પણ ખાતમૂર્હત કર્યુ હતું.

ટ્રાફિક જામના કારણે બોટલનેકની સર્જાતી સ્થિતિના નિવારણ માટે કોબા સર્કલથી ભાટ સર્કલ વચ્ચેના હાલના બ્રિજની બંન્ને બાજુ ત્રણ-ત્રણ લેનના નવા બ્રિજના નિર્માણ માટે રૂ. ૪૮ કરોડનો પ્રોજેક્ટ રાજ્ય સરકારે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આના પરિણામે સમગ્ર કોરિડોરમાં સતત છ લેનની ક્ષમતા જળવાઈ રહેશે અને ભવિષ્યના વધતા વાહન વ્યવહારને પણ સરળતાથી સંભાળી શકાશે.

ગાંધીનર-કોબા-એરપોર્ટ રોડ અને એસ.પી. રિંગરોડ પર મળીને દરરોજ અંદાજે કુલ આશરે ૧.૯૩ લાખથી વધુ વાહનોની અવર-જવર રહે છે.

ગાંધીનગર-એરપોર્ટ રોડ પર આવેલું ભાટ સર્કલ મુખ્ય જંકશન હોવાના કારણે ત્યાં વારંવાર ટ્રાફિક



જામની સમસ્યા ઉભી થાય છે અને વાહન ચાલકોના સમય, ઈંધણ અને નાણાંનો વ્યય થાય છે.

હવે, આ નવા કેબલ સ્ટેડ બ્રિજ કાર્યરત થવાથી એસ.પી. રિંગ રોડનો ટ્રાફિક બ્રિજની નીચેથી તેમજ અમદાવાદ-ગાંધીનગર તરફનો ટ્રાફિક બ્રિજ ઉપરથી એમ બે અલગ-અલગ સ્તરે સરળતાથી અવર-જવર કરી શકશે અને લોકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મૂક્તિ મળશે.

એટલું જ નહિ, એસ.પી. રિંગરોડ, બરોડા અને સુરત તરફ જતા વાહન ટ્રાફિકની સુગમતા માટે ત્રણ-ત્રણ એમ કુલ ૬ લેન અલાયદા સર્વિસ રોડ પણ બનાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ નવનિર્મિત કેબલ રોડ બ્રિજનું લોકાર્પણ કર્યુ તે અવસરે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્યો શ્રીમતી રિટાબહેન પટેલ અને અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાં બહેન પટેલ, શહેર ભાજપા પ્રમુખ શ્રી આશિષ દવે અને સંગઠન પદાધિકારીઓ તથા માર્ગમકાન સચિવ શ્રી પ્રભાત પટેલિયા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત આરટીઓ દ્વારા M/cycleનાં પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોની સિરીઝ GJ 05 USનું ઓક્શન થશે

**બ્યુરો રિપોર્ટ :-**
**જયુ ટાંક પત્રકાર સુરત**

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા સ/ષ્ઠઅષ્ઠ્રીના ગોલ્ડન અને સિલ્વર નંબરોની નવી સિરીઝ **GJ 05 US**ના પસંદગીના નંબરોનું ઓનલાઈન ઓક્શન શરૂ કરવામાં આવશે. જે માટે તા.૧૧ થી ૧૩ જુલાઈ સુધી રજિસ્ટ્રેશન અને તા.૧૩ થી ૧૫ જુલાઈ દરમિયાન હરાજી કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી **http://parivahan.gov.in/fancy** પર નોંધણી,યુઝર આઈ.ડી.અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે.

અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ **(Base Price)** ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે **RBI** દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં **SBI E-PAY** દ્વારા પરત કરવામાં આવશે એમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી,-પાલ,સુરતની યાદીમાં જણાવાયું છે.

# ચિત્ર સ્પર્ધા દ્વારા પર્યાવરણ જાગૃતિ અને દેશભક્તિનો અનોખો સંદેશ







હનીકોમ્બ સેવા પ્રકલ્પ, ગીતાંજલી ક્લાસીસ, લુમિક્સ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગ દળ, કલામંથન આર્ટ એકેડમી, ધ રિવોલ્યુશન ક્લબ, **( my Bharat Surat, Ministry of youth affairs and sprots, Government of India)** અને નૈતિક એવમ સાંસ્કૃતિક પ્રશિક્ષણ સંસ્થાન, લાશ્યકલાવૃંદ અને ફ્લાવર વેલી ઈન્ટરનેશનલ સ્કૂલ ના સંયુક્ત ઉપક્રમે ચિત્રકલા સ્પર્ધા નું આયોજન તારીખ ૫ ૭ ૨૦૨૬ ના રોજ ૩૦૬ અંજની આઈકોન, જીઈબી ઓફીસ ની સામે, જહાંગીરપુરા, સુરત ખાતે રાખવામાં આવ્યું હતું, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, પર્યાવરણનું જતન, વૃક્ષોનું જતન, ૨૦૧૪૭ નું ભારત, જળ બચાવો અભિયાન વગેરે જેવા વિષય ઉપર ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. બાળકોની સર્જન શક્તિ અને મૌલિકતા દ્વારા ચિત્રો તૈયાર થશે જે ચિત્રો સમાજને હકારાત્મક તરફ દોરી જશે એ દ્વારા આપણું શહેર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં એક અલૌકિક તથા હકારાત્મકતા નું વાતાવરણ ઊભું કરી શકે એ હેતુથી ત્રણસોથી વધુ બાળકો, કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ ઉત્સાહભેર જોડાયા અને સંસ્થાના હકારાત્મક વિચારોમાં સહભાગી બન્યા.

આ સાથે શ્રી તેજદાન ભાઈ ગઢવી, કોર્પોરેટર હર્ષ મહેતા અને **youtuber** તુષારભાઈ સોનાવને, તેમજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના મંત્રી રવિ ગુપ્તા, રાષ્ટ્રીય બજરંગ દળના સુરત મહાનગરના ઓમ પ્રકાશ શર્મા અને અન્ય બીજા મહેમાનોએ હાજરી આપી હતી.

# જૈશના ૮ આતંકીમાંથી ૩ને લઈને ATSની ટીમ પાલનપુરના ભાગળ ગામ પહોંચી

**(સંપૂર્ણ સમાચાર સેવા) પાલનપુર, તા.૬**

હાલમાં જ ગુજરાત એટીએસએ રથયાત્રા પહેલા જ એક મોટી સફળતા મેળવી અને ખતરનાક ૮ આતંકીઓની ધરપકડ કરી હતી. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ **(ATS)** દ્વારા કરવામાં આવેલી આ સંયુક્ત કાર્યવાહીમાં ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાંથી આ આતંકીઓને દબોચી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આ આતંકીઓ પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદ સાથે સંકળાયેલા હતા. આજે એટીએસ પકડાયેલામાંથી ૩ શખ્સોને લઈને પાલનપુરના ભાગળ ગામ પહોંચી.

એટીએસે પકડેલા ૮ ઈસમોમાંથી ૩ ઈસમો બનાસકાંઠાના પાલનપુરના ભાગળ ગામના રહીશ છે. એટીએસ અહેમદ અબ્દુલ ગાઝીવાલા,ઈબ્રાહીમમહમદ હુસેન ઘઘા અને મુદદસીર અબ્દુલ્લા ગાઝીવાલાને તેમના ગામ ભાગળ લઈને પહોંચી. અત્રે જણાવવાનું કે ગુજરાતમાં જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હતાં.

ગુજરાત એટીએસ દ્વારા પૂછપરછ દરમિયાન જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હોવાનો ખુલાસો પણ થયો છે.

# સવારે ૬.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીમાં ચોર્યાસી, કામરેજ અને સુરત શહેરમાં નોંધપાત્ર વરસાદ



**બ્યુરો રિપોર્ટ:-**
**જયુ ટાંક પત્રકાર સુરત**

સમગ્ર સુરત જિલ્લામાં મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે. સુરત જિલ્લાના ફ્લડ કંટ્રોલ રૂમ દ્વારા પ્રાપ્ત થયેલા આંકડાઓ અનુસાર સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં સવારના ૦૬:૦૦ વાગ્યાથી લઈને સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધીના ૧૨ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં બે કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

જિલ્લામાં આજરોજસરેરાશ ૩૭.૧૭ મી.મી. વરસાદ પડ્યો છે. સવારે ૦૬:૦૦ થી સાંજના ૦૬:૦૦ સુધી દરમિયાન સુરત શહેરમાં સૌથી વધુ ૧૧૨ મી.મી. વરસાદ સુરત શહેરમાં નોંધાયો છે, જેમાં સાંજના ૦૪ થી ૦૬ વાગ્યા વચ્ચે જ ૧૦૫ મી.મી. એટલે કે બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. જયારે કામરેજમાં ૮૪ મી.મી., બારડોલી અને અંબિકા તાલુકાઓમાં ૩૮ મી.મી., પલસાણામાં ૩૫ મી.મી., ચોર્યાસીમાં ૩૨ મી.મી., માંગરોળમાં ૨૬ મી.મી., ઓલપાડ તાલુકામાં કુલ ૨૪ મી.મી., મહુવા તાલુકામાં ૧૮ મી.મી., ઉમરપાડામાં ૧૭ મી.મી., અરેઠમાં ૧૫ મી.મી. વરસાદ પડ્યો છે. માંડવીમાં સૌથી ઓછો ૭ મી.મી. વરસાદ નોંધાયો હતો.

આજે મહુવા તાલુકાના ફુલવાડી ગામે વરસાદ અને પવનના કારણે સુરેશભાઈ પટેલના કાચા મકાનના છાપરાનો પાછળનો ભાગ તુટી ગયો હતો. જયારે અંબિકા તાલુકાના બાંભણીયા ગામે સુમનભાઈના જુનુ મકાનનો એક તરફનો ભાગ પડી ગયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

# ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૧મી જુલાઈના રોજ 'નેશનલ લોક અદાલત'યોજાશે

**ગાંધીનગર,**

ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૧૧-૦૭-૨૦૨૬ ના રોજ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રી તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી આશિષ જે. એસ. મલ્હોત્રાની અધ્યક્ષતા હેઠળ જિલ્લાની તમામ અદાલતો અને તાલુકા અદાલતોમાં 'નેશનલ લોક અદાલત' નું આયોજન કરવામાં આવ્યું છે.

આ નેશનલ લોક અદાલતમાં જિલ્લા તથા તમામ તાલુકા કક્ષાએ સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ ના કેસ, બેન્કનાં લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબરને લગત કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ,છૂટાછેડા સિવાયના લગ્ન વિષયક કેસ,જમીન સંપાદનના કેસ, પે, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટ્સને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ, અન્ય સીવીલ કેસ, ટ્રાફીક ઈ-મેમોને લગત પેન્ડિંગ તેમજ પ્રિલીટીગેશન કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે. જે પક્ષકારો, બેન્કો, વીમા કંપનીઓ કે નાણાકીય સંસ્થાઓ પોતાના આ પ્રકારના કેસોનો સુખદ અને કાયમી નિકાલ લાવવા ઈચ્છતા હોય, તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગરની કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે. વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી સી.વાય.જાડેજાની યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# નવી સિવિલ હોસ્પિટલના NICUમાં નવજાત શિશુઓની સુરક્ષા માટે RFID સિસ્ટમ કાર્યરત

**બ્યુરો રિપોર્ટ:-**
**જયું ટાંક પત્રકાર સુરત**

નવજાત શિશુઓની સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા અને બાળકની ચોરી જેવી ગંભીર ઘટનાઓને અટકાવવાના હેતુથી દક્ષિણ ગુજરાતની સૌથી મોટી નવી સિવિલ હોસ્પિટલના નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટ **(NICU)**માં રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન **(RFID)** આધારિત આધુનિક સુરક્ષા સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે.

આ નવી ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થાનું ડેમોન્સ્ટ્રેશન આજે સવારે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. પારુલ વડગામા અને આરએમઓ ડો. કેતન નાયક સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. અગાઉ નવજાત બાળક ચોરીની ઘટનાઓ બની ચૂકી હોવાથી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય એ માટે અદ્યતન સિસ્ટમ ઈન્સ્ટોલ કરાઈ છે.

આ સિસ્ટમની વિશેષતા અંગે માહિતી આપતા હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. પારુલ વડગામાએ જણાવ્યું હતું કે, આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી નવજાત શિશુઓની સુરક્ષા વધુ મજબૂત બનશે.

નવી સિસ્ટમ મુજબ, **NICU**માં દાખલ દરેક નવજાત શિશુના હાથમાં એક વિશેષ **RFID** બેન્ડ બાંધવામાં આવશે. જો કોઈ વ્યક્તિ બાળકને લઈને વોર્ડની બહાર જવાનો પ્રયાસ કરશે, તો પ્રવેશદ્વાર પર લાગેલા સેન્સર તરત જ સક્રિય થઈ જશે અને ઓટોમેટિક સાયરન વાગવા લાગશે. સાયરન વાગતા જ હોસ્પિટલની સુરક્ષા ટીમ એલર્ટ થઈ જશે અને બાળકને કોણ બહાર લઈ જઈ રહ્યું છે તેની તત્કાલ તપાસ હાથ ધરવામાં આવશે.

ડો. વડગામાએ વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ પણ આવી સિસ્ટમ ઉપલબ્ધ હતી, પરંતુ તે સમય જતાં બંધ હાલતમાં થઈ ગઈ હતી, જેને હવે નવી ટેકનોલોજી સાથે ફરી કાર્યરત કરવામાં આવી છે.

ભવિષ્યમાં આગામી દિવસોમાં ગાયનેક વોર્ડમાં પણ આ જ પ્રકારની સુરક્ષા સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. જેનાથી બાળક ચોરી જેવી ઘટનાઓ પર સંપૂર્ણ અંકુશ આવશે.

# અમદાવાદના ઇતિહાસમાં પ્રથમવાર: સરસપુરના બાલા હનુમાન મંદિરે યોજાશે ભવ્ય 'સંસ્કૃત રથોત્સવ'





ચરણ પાદુકા પૂજન – અર્પણ સમારોહના માનદ કો-ઓર્ડિનેટર હેમેન્દ્ર બાગડી, આયોજક વિદ્યાનંદ આચાર્ય, અને મંદિરના સંચાલક નિત્યાનંદજી મહારાજે જણાવ્યું કે, અમદાવાદની ઐતિહાસિક જગન્નાથ રથયાત્રાના પાવન અવસરે, ભગવાનના મોસાળ ગણાતા સરસપુરના પવિત્ર તીર્થધામ શ્રી બાલા હનુમાન મંદિર દ્વારા આ વર્ષે એક અત્યંત પ્રશંસનીય અને ભક્તિમય નવતર પ્રયોગનું આયોજન કરવામાં આવ્યું છે. પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ વચ્ચે ભારતની પ્રાચીન ધરોહર અને દેવવાણી સમી સંસ્કૃત ભાષા પ્રત્યે જનજાગૃતિ લાવવાના પરમ ઉદ્દેશ સાથે આગામી ૬ જુલાઈ ૨૦૨૬, સોમવારના રોજ પ્રથમવાર ભવ્ય 'સંસ્કૃત રથ ઉત્સવ', કલશ યાત્રા તેમજ ભગવાન જગન્નાથજી માટે વિશેષ નિર્મિત ચાંદીની ચરણ પાદુકા પૂજન સમારોહ યોજાશે તેમજ સંસ્કૃત રથોત્સવ, કલશ યાત્રા પણ યોજાશે. ચરણ પાદુકા પૂજન – અર્પણ સમારોહના માનદ કો-ઓર્ડિનેટર હેમેન્દ્ર બાગડી વધુમાં જણાવાવે છે કે, આ મહોત્સવની સૌથી મોટી વિશેષતા એ છે કે, સંસ્કૃત ભાષાના રક્ષણ અને સંવર્ધન માટે રાજયની પ્રતિષ્ઠિત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ સંસ્કૃત મહાવિદ્યાલયોના ૪૦૦થી વધુ ઋગ્વિદ્વાનો એકસાથે એક જ સ્થળ પરથી જોડાઈને વૈદિક મંત્રો અને સ્તોત્રોના ગણગણતી ઉચ્ચારણો કરશે. આ દિવ્ય મંત્રોચ્ચારથી સમગ્ર અમદાવાદનું વાતાવરણ આધ્યાત્મિક અને સકારાત્મક ઊર્જાથી સભર બની જશે. ધાર્મિક ઉત્સવોની હારમાળા : ૮ જુલાઈએ ભવ્ય ભજન સંધ્યા, ૧૫ જુલાઈએ સવારે ૮:૩૦ કલાકે સંગીતમય સુંદરકાંડ પાઠ અને બપોરે ૧૨:૦૦ કલાકે દેશભરમાંથી પધારતા સાધુ-સંતો માટે મહાભંડારો તથા વસ્ત્રદાન યોજાશે. ૧૬ જુલાઈએ તમામ ભક્તો માટે અન્નકૂટ પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થળ :- શ્રી બાલા હનુમાનજી મંદિર, આંબલીવાળાના નાકે, સરસપુર, અમદાવાદ.

# પીએમ કિસાન યોજનાનો લાભ મેળવવા બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવવું ફરજિયાત

**ગાંધીનગર,**

પીએમ કિસાન યોજનાનો લાભ મેળવવા માટે ભારત સરકારશ્રી દ્વારા યોજનાના તમામ લાભાર્થીઓ માટે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા ઈ-કેવાયસી ફરજિયાત કરેલ છે. જે અન્વયે લાભાર્થીઓએ દરેક નાણાકીય વર્ષના પહેલા હપ્તાના રિલીઝ પહેલા બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા વાર્ષિક ઈ-કેવાયસી ફરજિયાત કરાવવું પડશે. હાલ, જે લાભાર્થીઓના સ્ટેટસમાં ઈીઅષ્ઠ : રૂીજ જોવા મળે છે, તેવા લાભાર્થીઓનું પણ બાયોમેટ્રિક/ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી શકાય છે તથા તા. ૦૧ એપ્રિલ ૨૦૨૬ પછી જે લાભાર્થીઓએ બાયોમેટ્રિક/ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવેલ નથી તેવા લાભાર્થીઓએ પીએમ કિસાન યોજનાના આગામી હપ્તાની સહાય મેળવવા વાર્ષિક ઈ-કેવાયસી પૂર્ણ કરવાનું રહેશે. પીએમ કિસાન યોજનામાં ૦૪ પદ્ધતિઓથી "ી્દ્રરૂઝ" થઈ શકે છે. જેમાં લાભાર્થીઓ જાતે પીએમ કિસાન મોબાઈલ એપમાં **"Login" >> "Login Type"** ઓપ્શનમાં **"Beneficiary"** ઓપ્શન સિલેક્ટ કરી, લાભાર્થીના આધાર નંબર/રજીસ્ટ્રેશન નંબરથી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા પોતાનું તથા અન્ય ૧૦૦ લાભાર્થીઓનું **"eKYC"** કરી શકે છે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવકશ્રી/વિલેજ નોડલ ઓફીસરશ્રી દ્વારા પી.એમ કિસાન મોબાઈલ એપનો ઉપયોગ કરી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા, **"eKYC"** કરાવી શકાય છે. લાભાર્થીઓ નજીકના કોમન સર્વિસ સેન્ટર પર જઈ અને "ઈ-ગ્રામ" કેન્દ્ર ખાતે બાયોમેટ્રિક ઓથેન્ટીફિકેશન દ્વારા અથવા તાલુકા તથા જિલ્લાના લોગ ઈન આઈડીમાં **Crorection Module >> Biometric e-KYC PM Kisan** પર જઈ બાકી લાભાર્થીઓનું બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા **"e-KYC"** કરી શકાશે. પીએમ કિસાન યોજનામાં તમામ લાભાર્થીઓનું વાર્ષિક ઈ-કેવાયસી સમયસર પૂર્ણ કરવા તથા કોઈ પણ લાભાર્થી બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા **"eKYC"** ન થવાના કારણે આગામી હપ્તાના લાભથી વંચિત ન રહી જાય તે માટે ખેડૂતો નિર્ધારિત સમયમર્યાદામાં પોતાની ઈ-કેવાયસી કરાવી યોજનાનો લાભ મેળવી શકે છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદી દ્વારા જણાવાયું છે.

Printed/Published/Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad-380 009, Published at 1-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road. Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR. (GUJ) Editor: ILEVAN H. THAKAR